dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-160 | AD-2026, Fagan Vad -14 | Wednesday, Dt.18-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**દક્ષિણ ઇરાકના મજનૂન તેલ ક્ષેત્ર પર હુમલો થતા વૈશ્વિક તેલ બજાર માટે ચિંતાનો વિષય**

# બગદાદમાં અમેરિકી દૂતાવાસ પર ઈરાનનો ડ્રોન હુમલો

તહેરાન,તા.૧૭

મધ્ય પૂર્વના દેશોમાં અત્યારે ભયાનક અરાજકતા અને યુદ્ધની પરિસ્થિતિ જોવા મળી રહી છે. છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા તણાવે હવે એક વિસ્ફોટક સ્વરૂપ ધારણ કર્યું છે, જેમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન સીધી રીતે આમને-સામને આવી ગયા છે. આ યુદ્ધની શરૂઆત ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ થઈ હતી, જ્યારે અમેરિકા અને ઈઝરાયેલે સંયુક્ત રીતે ઈરાન પર અત્યાર સુધીનો સૌથી મોટો હવાઈ હુમલો કર્યો હતો. આ હુમલા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાનના પરમાણુ કાર્યક્રમો અને તેની બેલિસ્ટિક મિસાઈલ ક્ષમતાઓને સંપૂર્ણપણે નષ્ટ કરવાનો હતો. આ ભીષણ હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેની સહિત અનેક વરિષ્ઠ સૈન્ય અધિકારીઓના મોતના સમાચારથી સમગ્ર મુસ્લિમ જગતમાં ખળભળાટ મચી ગયો છે. ઈરાન પર થયેલા હુમલાના પ્રત્યાઘાત રૂપે ઈરાન સમર્થિત સંગઠનોએ સમગ્ર વિસ્તારમાં અમેરિકી ઠેકાણાઓ પર હુમલા તેજ કર્યા છે. મંગળવારે સવારે ઈરાકની રાજધાની બગદાદમાં ભારે તણાવ જોવા મળ્યો હતો. સીએનએનના અહેવાલ મુજબ, બગદાદ સ્થિત અમેરિકી દૂતાવાસ અને જાણીતી અલ-રાશિદ હોટેલને નિશાન બનાવીને ડ્રોન હુમલા કરવામાં આવ્યા હતા. આ દરમિયાન આકાશમાં મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ સક્રિય થતી જોવા મળી હતી, જેણે દુશ્મન ડ્રોનને હવામાં જ તોડી પાડ્યા હતા. ઈરાકી સુરક્ષા દળોના જણાવ્યા અનુસાર, કુલ ચાર ડ્રોન દૂતાવાસ તરફ આગળ વધી રહ્યા હતા, પરંતુ સતર્ક હવાઈ સંરક્ષણ પ્રણાલીએ




તેમને સફળતાપૂર્વક અટકાવ્યા હતા. જોકે, આ હુમલાના અવશેષો ગ્રીન ઝોન અને અબુ નુવાસ સ્ટ્રીટ જેવા ભરચક વિસ્તારોમાં પડ્યા હતા. સદભાગ્યે, આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ રાજદ્વારી કેન્દ્રો પર થયેલા રોકેટ હુમલાએ અમેરિકાની ચિંતામાં વધારો કર્યો છે. યુદ્ધ માત્ર સૈન્ય મથકો પૂરતું મર્યાદિત ન રહેતા હવે આર્થિક સ્તંભો પર પણ પ્રહાર કરવામાં આવી રહ્યા છે. દક્ષિણ ઈરાકના મજનૂન તેલ ક્ષેત્ર પર હુમલો કરવામાં આવ્યો હતો, જે વૈશ્વિક તેલ બજાર માટે ચિંતાનો વિષય છે. આટલું જ નહીં, સંયુક્ત આરબ અમીરાતમાં પણ સ્થિતિ ગંભીર બની છે. ફુજૈરાહ તેલ ક્ષેત્ર અને શાહ ગેસ ક્ષેત્રમાં થયેલા ડ્રોન હુમલાઓને કારણે ભીષણ આગ ફાટી નીકળી હતી. આ હુમલાઓ એટલા ગંભીર હતા કે યુએઈ પ્રશાસને સાવચેતીના ભાગરૂપે પોતાનું હવાઈ ક્ષેત્ર અસ્થાયી ધોરણે બંધ કરવાની ફરજ પડી હતી. તેલ લોડિંગની કામગીરી અટકાવી દેવામાં આવી છે, જેની સીધી અસર આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ પર પડી શકે છે. બીજી તરફ સાઉદી અરેબિયાએ પણ તેની સંરક્ષણ પ્રણાલીને અત્યંત સક્રિય કરી દીધી છે. પૂર્વીય પ્રાંત અને રિયાધ ક્ષેત્રમાં ત્રાટકેલા અંદાજે ૭ થી ૩૪ જેટલા ઈરાની ડ્રોનને સાઉદી સંરક્ષણ મંત્રાલયે હવામાં જ તોડી પાડ્યા હતા. આ સંકટના સમયે પ્રાદેશિક દેશો એકબીજાના સંપર્કમાં છે. યુએઈના રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે ટેલિફોનિક વાતચીત કરીને સુરક્ષાની સમીક્ષા કરી હતી. બંને નેતાઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ઈરાન દ્વારા કરવામાં આવતા આ હુમલાઓ દેશોની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન છે અને તે વૈશ્વિક સુરક્ષા માટે ગંભીર ખતરા સમાન છે. ઈરાને ખાડી દેશો જેવા કે કુવૈત, કતાર અને બહેરીન પર પણ મિસાઈલ હુમલા કરીને યુદ્ધનો વ્યાપ વધાર્યો છે, જેનાથી સમગ્ર મધ્ય પૂર્વ એક જ્વાળામુખી પર બેઠું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

**કેપ્ટન રમણ કપૂરે પર્શિયન ગલ્ફમાંથી વિડીયો જાહેર કર્યો**

# યુધ્ધને કારણે ૨૦૦૦ ભારતીય નાવિકો દરિયામાં ફસાયેલા હોવાનો ઘટસ્ફોટ

ન્યુ દિલ્હી,તા.૧૭

હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લાના કેપ્ટન રમણ કપૂરે પર્શિયન ગલ્ફમાંથી એક હૃદયદ્રાવક વીડિયો જાહેર કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે ખળભળાટ મચાવી દીધો છે. અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધના કારણે આ દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૨૦,૦૦૦ નાવિકો ફસાયા છે, જેમાંથી ૨,૦૦૦ જેટલા નાવિકો ભારતીય છે. કેપ્ટન કપૂરના જણાવ્યા અનુસાર, સમુદ્રમાં હાલ ૫૦૦ થી ૭૦૦ જેટલા માલવાહક જહાજો થંભી ગયા છે. ખાસ કરીને જે જહાજોના સંબંધો અમેરિકા કે ઈઝરાયલ સાથે છે, તેમના પર હુમલાનું જોખમ સૌથી




વધુ છે. ઈરાન દ્વારા પર્શિયન ગલ્ફની નાકાબંધી કરવામાં આવી રહી હોય તેવું જણાય છે, જેથી અન્ય દેશોના ઓઈલ ટેન્કરો બહાર જઈ શકતા નથી. વર્તમાન પરિસ્થિતિ એટલી ગંભીર છે કે એરપોર્ટ અને દરિયાઈ માર્ગો સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યા છે. કેપ્ટન કપૂરનું જહાજ ઈરાકથી કાર્ગો ભરીને આવ્યું હતું, પરંતુ હવે તે પર્શિયન ગલ્ફમાં લાચાર બનીને ઉભું છે. જહાજ પર સવાર ક્રૂ મેમ્બરો સતત ભય અને માનસિક તણાવ હેઠળ જીવી રહ્યા છે, કારણ કે હિલચાલ શરૂ કરતા જ હુમલો થવાની ભીતિ રહે છે. ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ યુદ્ધને આજે ૧૮ દિવસ વીતી ગયા છે, છતાં શાંતિના કોઈ સંકેત દેખાતા નથી. કેપ્ટન રમણે ભારત સરકારને આ મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા અને ભારતીય નાવિકોને સુરક્ષિત રીતે વતન પાછા લાવવા વિનંતી કરી છે. તેમણે દેશવાસીઓને પણ તમામ નાવિકોની સલામતી માટે પ્રાર્થના કરવા અપીલ કરી છે જેથી આ સંકટ વહેલી તકે ટળે.

# ઈરાનના સિક્યોરિટી ચીફ એરસ્ટ્રાઈકમાં માર્યા ગયા હોવાનો ઈઝરાયેલનો દાવો

તેલઅવીવ,તા.૧૭

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધના ૧૮મા દિવસે વૈશ્વિક રાજનીતિમાં ગરમાવો આવી ગયો છે. ઈઝરાયલના રક્ષામંત્રી કાત્ઝે એક અત્યંત મહત્વપૂર્ણ અને ચોંકાવનારો દાવો કર્યો છે કે ગત રાત્રે ઈરાન પર કરવામાં આવેલી ભીષણ એરસ્ટ્રાઈકમાં ઈરાનના શક્તિશાળી સિક્યોરિટી ચીફ અલી લારીજાનીને ઠાર કરવામાં આવ્યા છે. અલી લારીજાની ઈરાનના સૈન્ય અને રાજકીય માળખામાં અત્યંત પ્રભાવશાળી વ્યક્તિત્વ ગણાતા



હતા, તેથી જો આ સમાચાર સાચા સાબિત થાય તો તે ઈરાન માટે એક મોટો આંચકો ગણાશે. ઈઝરાયેલી સેના એટલે કે આઈડીએફ દ્વારા અગાઉ જ એ વાતની પુષ્ટિ કરવામાં આવી હતી કે તેઓ લારીજાનીના ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યા છે. આ સૈન્ય કાર્યવાહી માત્ર લારીજાની સુધી સીમિત નહોતી, પરંતુ ઈઝરાયલે અન્ય એક વ્યૂહાત્મક હુમલામાં ઈરાનની જાણીતી બસીજ પેરામિલિટ્રી ફોર્સના કમાન્ડર ગોલામરેઝા સુલેમાનીને પણ મારી નાખ્યા હોવાનો દાવો કર્યો છે. રક્ષામંત્રી કાત્ઝે કડક શબ્દોમાં જણાવ્યું હતું કે ઈઝરાયલ વિરુદ્ધ કાવતરું ઘડનારા તમામ નેતાઓને વીણી-વીણીને ખતમ કરવામાં આવશે. જોકે, આ ગંભીર દાવાઓ અંગે ઈરાન સરકાર કે તેમની સેના દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કે નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. મધ્ય પૂર્વમાં આ ઘટનાક્રમ બાદ યુદ્ધ વધુ વકરવાની ભીતિ સેવાઈ રહી છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાનો માહોલ સર્જાયો છે

# નીતા એમ. અંબાણી KISS હ્યુમેનિટેરિયન એવોર્ડ ૨૦૨૫થી સન્માનિત




**૪૦,૦૦૦ આદિવાસી વિદ્યાર્થીઓને મોટાં સપનાં જોવા પ્રેરિત કર્યા**

ભુવનેશ્વર, ૧૬ માર્ચ ૨૦૨૬

રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન નીતા એમ. અંબાણીને આજે અહીં કલિંગા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સ (KISS) કેમ્પસ ખાતે પ્રતિષ્ઠિત KISS હ્યુમેનિટેરિયન એવોર્ડ ૨૦૨૫થી સન્માનિત કરાયા હતા.

શ્રીલંકાના નોબેલ પારિતોષિક વિજેતા મોહન મુનાસિંઘેએ KIIT, KISS અને KIMSના સ્થાપક ડૉ. અચ્યુત સામંતાની ઉપસ્થિતિમાં શ્રીમતી નીતા અંબાણીને આ એવોર્ડ એનાયત કર્યો હતો. શ્રીમતી અંબાણીની ઉત્કૃષ્ટ માનવતાવાદી પહેલો તેમજ રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા શિક્ષણ, હેલ્થકેર, ગ્રામીણ પરિવર્તન, મહિલા સશક્તિકરણ અને રમતગમતને પ્રોત્સાહન દ્વારા સામાજિક વિકાસમાં તેમના નોંધપાત્ર યોગદાનને આ એવોર્ડ થકી બિરદાવાયું છે.

આદિવાસી બાળકોને સંબોધતા પોતાના પ્રેરણાદાયી પ્રવચનમાં શ્રીમતી નીતા એમ. અંબાણીએ કહ્યું, "આપણા દીકરાઓ જે કાંઈ કરી શકે છે, તે બધું આપણી દીકરીઓ પણ કરી શકે છે. દીકરા અને દીકરીઓ વચ્ચે કોઈ ફરક નથી." તેમણે પ્રશંસાના સ્વરે જણાવ્યું કે, "હંમેશા યાદ રાખો કે તમે આજે જ્યાં છો તે તો તમારી શરૂઆત છે, તમારું લક્ષ્ય નથી. તમે કેટલું આગળ વધી શકો છો તે તમારા સપનાં, તમારી મહેનત અને આગળ વધવાની તમારી હિંમત જ નક્કી કરશે." તેમણે આદિવાસી બાળકોમાં પોતાનો વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "મને સંપૂર્ણ ખાતરી છે કે ભારતનું ભવિષ્ય અત્યંત ઉજ્જવળ છે."

KISS હ્યુમેનિટેરિયન એવોર્ડની શરૂઆત ૨૦૦૮માં ડૉ. સામંતાએ કરી હતી. આ એવોર્ડ થકી વિશ્વભરમાં માનવતાવાદી કાર્યોની ભાવનાને મૂર્તિમંત કરતી વ્યક્તિઓ અને સંસ્થાઓને બિરદાવવામાં આવે છે. આ પુરસ્કાર વિજેતાને એક પ્રશસ્તિપત્ર અને ગોલ્ડ-પ્લેટેડ ટ્રોફી એનાયત કરાય છે.

છેલ્લા ઘણા વર્ષોથી, આ પુરસ્કાર વિશ્વભરના ખ્યાતનામ નેતાઓ, નોબેલ પારિતોષિક વિજેતાઓ અને વિશ્વભરના પ્રતિષ્ઠિત મહાનુભાવોને એનાયત કરવામાં આવ્યો છે. અગાઉના એવોર્ડ પ્રાપ્તિકર્તામાં રતન ટાટા, પરમપૂજ્ય દલાઈ લામા અને અનરુદ્ધ જુગનાથનો સમાવેશ થાય છે.

KISS એ વિશ્વભરમાં આદિવાસી સમુદાય માટેની સૌથી મોટી યુનિવર્સિટી છે, જે આશરે ૮૦,૦૦૦ આદિવાસી બાળકોને કિન્ડરગાર્ટનથી લઈને અનુસ્નાતક સ્તર સુધી મફત શિક્ષણ, નિવાસ તેમજ સર્વાંગી વિકાસ પ્રદાન કરે છે.

# કાબુલમાં પાકિસ્તાને એરસ્ટ્રાઈક કરતા ૪૦૦ના મોત, ભારતે આકરી ટીકા કરી

કાબુલા,તા.૧૭

અફઘાનિસ્તાનના કાબુલમાં ઓમિદ નશામુક્તિ કેન્દ્ર પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી એર સ્ટ્રાઈકની ભારતે સખત શબ્દોમાં નિંદા કરી છે. વિદેશ મંત્રાલયે આ હુમલાને 'બર્બર' ગણાવતા પાકિસ્તાનની અનૈતિકતા ખુલ્લી પાડી છે. આ ભયાનક નરસંહારમાં ૪૦૦ લોકોના મોત અને અનેક લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. ભારત સરકારે સ્પષ્ટ કર્યું કે હૉસ્પિટલ જેવા સંવેદનશીલ સ્થળને સૈન્ય લક્ષ્ય બનાવવું એ




અમાનવીયતાની પરાકાષ્ઠા છે. પવિત્ર રમઝાન માસમાં થયેલો આ હુમલો પાકિસ્તાનની પોતાની આંતરિક નિષ્ફળતાઓ છુપાવવાનો એક નિરર્થક પ્રયાસ છે. આ ઘટના પ્રાદેશિક શાંતિ માટે મોટું જોખમ ઊભું કરે છે અને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું સરેઆમ ઉલ્લંઘન દર્શાવે છે.

# ઉત્તર ભારતમાં અમુક સ્થળોએ કરા સાથે વરસાદ તો ક્યાંક ભારે હિમવર્ષા

સીમલા,તા.૧૭

છેલ્લા બે દિવસથી સમગ્ર દેશમાં હવામાનમાં મોટો પલટો જોવા મળી રહ્યો છે, જેના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. રાજસ્થાનના અનેક વિસ્તારોમાં સોમવારે હળવા વરસાદી ઝાપટાં પડ્યા હતા, જેના પરિણામે ગરમીમાં રાહત મળી છે અને તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને હનુમાનગઢમાં મહત્તમ તાપમાન ૩.૭ ડિગ્રી ઘટીને ૨૬.૯ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે, જે સામાન્ય કરતાં ઘણું ઓછું છે.બીજી તરફ ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર અને બિજનૌર જેવા વિસ્તારોમાં કુદરતનો પ્રકોપ જોવા મળ્યો હતો. અહીં ભારે પવન અને કરા સાથે થયેલા વરસાદે નુકસાન પહોંચાડ્યું છે. સહારનપુરમાં વાવાઝોડાને કારણે ટીન શેડ ધરાશાયી થતા પૂર્વ સરપંચ સહિત બે લોકોના કમનસીબ મોત નિપજ્યા છે. કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં ભારે હિમવર્ષાના કારણે અનેક મહત્વના હાઈવે અને માર્ગો બંધ થઈ ગયા છે. બદ્રીનાથ ધામ બરફની સફેદ ચાદરથી ઢંકાઈ ગયું છે, જ્યારે કેદારનાથમાં તાપમાન ગગડીને માઈનસ ૧૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૧૮-૦૩-૨૦૨૬

## ઉર્જામંત્રી કૌશિક વેકરીયાના હસ્તે બે મહત્વપૂર્ણ વિકાસ કાર્યોનો પ્રારંભ

# કુંકાવાવના ૪૫ ગામમાં એકસાથે જળસંચય અભિયાનનો પ્રારંભ






અમરેલી,તા.૧૭

કુંકાવાવ તાલુકાના જંગર ગામે આજે વિકાસની એક નવી ક્ષિતિજ અંકિત થઈ છે. ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને અને રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હિરાભાઈ સોલંકીની પ્રેરક ઉપસ્થિતિમાં જંગર ગામને ૧૦૦ ટકા વીજળીમુક્ત એટલે કે 'સોલાર વિલેજ' જાહેર કરવામાં આવ્યું હતું. આ સાથે જ ગામના મોડેલ તળાવનું લોકાર્પણ અને એક ભવ્ય 'જળ સંમેલન' યોજાયું હતું, જે અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસની ગાથામાં એક નવું સોપાન ઉમેરે છે. જંગર ગામની આ સિદ્ધિ કેન્દ્ર સરકારની 'પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના' અને સ્થાનિક દાતાઓના અતુલ્ય સહયોગનું પરિણામ છે. ગામના વતની અને ઉદારમન દાતા રવજીભાઈ પી. વસાણી ગ્રુપ (અમદાવાદ) પરિવારના વિશેષ આર્થિક સહયોગથી ગામના પ્રત્યેક ઘર પર સોલાર પેનલ્સ ઈન્સ્ટોલ કરવામાં આવી છે. આ ભગીરથ કાર્યને લીધે જંગર હવે પોતાની ઊર્જા જરૂરિયાતો માટે સંપૂર્ણપણે સૂર્યશક્તિ પર નિર્ભર બન્યું છે, જે પર્યાવરણ જાળવણી અને આર્થિક બચતનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. કાર્યક્રમ દરમિયાન મંત્રીએ જળ સંરક્ષણની દિશામાં પણ એક મોટી જાહેરાત કરી હતી. તેમણે અમરેલી જિલ્લાના ૪૫ ગામોના તળાવો ઊંડા ઉતારવાની કામગીરીનું સામૂહિક ખાતમુહૂર્ત કર્યું હતું. આ કાર્યને ગતિ આપવા માટે કુલ ૪૫ હીટાચી મશીનોની ફાળવણી કરવામાં આવી છે, જે આગામી ચોમાસામાં જળસંગ્રહ શક્તિ વધારવામાં મદદરૂપ થશે. મંત્રીએ પોતાના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે આપણે માત્ર વર્તમાન જ નહીં, પરંતુ ભવિષ્યની પેઢીઓની સુરક્ષા માટે જળ અને ઊર્જાના સંરક્ષણ પર ધ્યાન આપવું અનિવાર્ય છે. તેમણે ઉમેર્યું કે રાજ્ય સરકાર અમરેલી જિલ્લાના છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડવા કટિબદ્ધ છે. જિલ્લામાં રોડ-રસ્તા, શાળાઓ અને આંગણવાડીઓના આધુનિક ભવનોનું નિર્માણ તેજ ગતિએ થઈ રહ્યું છે, જે સર્વાંગી વિકાસના સંકલ્પને સાકાર કરે છે. આ પ્રસંગે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર અને અનેક રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. વહીવટી તંત્ર તરફથી કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા અને પી.જી.વી.સી.એલ.ના એમ. ડી. જોષી સહિતના ઉચ્ચ અધિકારીઓએ આ આયોજનને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

આ તકે, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી, પી.પી. સોજીત્રા સહિત પદાધિકારીઓ અને ૪૫ ગામના સરપંચો હાજર રહ્યાં હતા. ગ્રામજનોએ જંગર ગામના આ પરિવર્તનને વધાવ્યું હતું.

આ કાર્યક્રમ માત્ર લોકાર્પણ પૂરતો મર્યાદિત ન રહેતા, એક જન આંદોલન બની રહ્યો છે જે ગુજરાતના અન્ય ગામો માટે પણ પ્રેરણારૂપ સાબિત થશે. સરકાર અને જનભાગીદારીના સમન્વયથી કેવી રીતે ગામડાઓ સ્વનિર્ભર બની શકે છે તેનું જંગર ગામ આજે જીવંત ઉદાહરણ બન્યું છે.

# ચિત્તલમાં સ્વામીનારાયણ ગુરુકુળના પટાંગણમાં વિરાટ હિન્દુ સંમેલન યોજાયું




ચિત્તલ,તા.૧૭

ચિતલ ખાતે આજે સ્વામીનારાયણ ગુરુકુળના પટાંગણમાં ચિતલ મંડળનું સંતો-મહંતો પૂજારીઓ અને ધાર્મિક, સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં વિશાળ સંખ્યામાં હિન્દુ સંમેલન યોજાયું હતું. ચિતલ મંડળના દરેક મંદિરોના પૂજારી તથા મહંતોનું શાલ તથા પુષ્પમાલા દ્વારા ભાવ પૂજન કરેલ હતું. ગુરુકુળના સ્વામી હરિચરણ સ્વામી તથા લક્ષ્મીનારાયણ દેવ મંદિરના મહંત મહામંડલેશ્વરશ્રી વિશ્વનાથદાસ શાસ્ત્રી તેમજ રિકડીયાના યોગીશ્રી શિવમદાસ બાપુ, રામદેવપીર મંદિરના મહંત લાલનાથજી તેમજ અનસૂયાદાસની પણ હાજરી હતી. RSS અમરેલી જિલ્લાના કાર્યવાહક સૌરભભાઈ મકવાણાની ઉપસ્થિતિ રહી હતી. આ સંમેલન અને સમિતિના અધ્યક્ષ જયસુખભાઈ દેસાઈ તથા અમરેલી જિલ્લાના વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ સુરેશભાઈ પાથર, કાળુભાઈ ધામી, ઘનશ્યામભાઈ ત્રાપસિયા, વનરાજભઈ કોઠીવાળ, કેશુભાઈ ધાનાણી, વિઠ્ઠલભાઈ ગજેરા, જયંતિભાઈ ગાંધી, લાલજીભાઈ દેસાઈ, જેબી દેસાઈ, નરેન્દ્રભાઈ વાળા, મનુભાઈ અસલાલિયા, અરવિંદભાઈ મેશિયા સહિત ચિતલ મંડલના ૧૩ ગામોમાંથી દરેક જ્ઞાતીના આગેવાનોની હાજરી હતી. આ સંમેલનમાં સ્વાગત પ્રવચન વાલમિકભાઈ દવેએ અને સંચાલન મનસુખભાઈ નડોદાએ કર્યું હતું.

# લાઠીના છભાડીયા પ્લોટ વિસ્તારમાં રૂ.૧.૨૦ કરોડના ખર્ચે નવો પુલ મંજૂર : ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયાસો ફળ્યા

લાઠી, તા.૧૭



લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયાસોથી છભાડીયા પ્લોટ વિસ્તારમાં રૂ.૧.૨૦ કરોડના ખર્ચે નવો પુલ મંજૂર કરવામાં આવ્યો છે. આ પુલના નિર્માણથી જનતાની વર્ષો જૂની માંગ પૂર્ણ થવા જઈ રહી છે અને આસપાસના અનેક ગામોના લોકોને મોટા પ્રમાણમાં લાભ મળશે. ગ્રામ્ય વિકાસને ગતિ આપતા આ પ્રોજેક્ટથી વિસ્તારમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ માર્ગ પર વરસાદી ઋતુ દરમિયાન પાણી ભરાવાના કારણે વાહન વ્યવહાર વારંવાર અટકી જતો હતો. જેના લીધે ખાસ કરીને વિદ્યાર્થીઓ, ખેડૂતો, દૂધ ઉત્પાદકો તથા રોજિંદા મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. નવા પુલના નિર્માણથી હવે બારમાસી વાહન વ્યવહાર સરળ બનશે અને લોકો સુરક્ષિત રીતે આવનજાવન કરી શકશે. આ સુવિધાથી ખેડૂતોને પોતાની ખેતઉપજ બજાર સુધી પહોંચાડવામાં સરળતા રહેશે, તેમજ આરોગ્ય અને શૈક્ષણિક સેવાઓમાં પણ સુધારો થશે. આ તકે ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, "ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે મજબૂત રસ્તા અને પુલો અત્યંત આવશ્યક છે. જનતાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી સરકારમાં કરેલી રજૂઆતને મંજૂરી મળતા આનંદની લાગણી થાય છે." સ્થાનિક ગ્રામજનોએ આ પુલની મંજૂરી બદલ ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો છે. રૂ.૧.૨૦ કરોડના ખર્ચે મંજૂર થયેલ આ પુલ લાઠી તાલુકાના વિકાસમાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે.




# બગસરા-જેતપુર બાયપાસ માટે સંપાદન થયેલી જમીનના વળતરની અઢી દાયકાથી રાહ જોતા ખેડૂતો

બગસરા,તા.૧૭



બગસરા-જેતપુર બાયપાસ રોડના નિર્માણ માટે આજથી ૨૫ વર્ષ પૂર્વે એટલે કે ૨૪ જૂન ૧૯૯૯ના રોજ સરકાર દ્વારા જમીન સંપાદનનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. આ યોજનામાં બગસરાના આશરે ૭૯ જેટલા ખેડૂતોની લાખો ચોરસ મીટર કિંમતી ખેતીની જમીન સંપાદિત કરવામાં આવી હતી. જોકે તે સમયે તંત્ર દ્વારા ખેડૂતોને ચોરસ મીટર દીઠ માત્ર ૧૧ થી ૨૫ રૂપિયા જેવું નજીવું વળતર અપાતા ખેડૂતોમાં ભારે અસંતોષ ફેલાયો હતો. યોગ્ય ન્યાય મેળવવા માટે ખેડૂતોએ વર્ષ ૨૦૦૧માં અમરેલી સિવિલ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. કમનસીબે ન્યાયિક પ્રક્રિયા એટલી ધીમી રહી કે ૧૭ વર્ષ સુધી અમરેલીમાં કેસ ચાલ્યા બાદ વર્ષ ૨૦૧૭માં કોઈ પણ નિર્ણય વગર આ કેસ ધારી સિવિલ કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. અંતે વર્ષ ૨૦૨૪માં એટલે કે ૨૫ વર્ષના લાંબા સમયગાળા બાદ અદાલતે ચોરસ મીટર દીઠ રૂ.૧૬૮ રૂપિયા ચૂકવવાનો હુકમ કર્યો હતો. ખેડૂતો માટે આ રકમ પણ પૂરતી ન હોવા છતાં તેઓએ કોર્ટના આદેશને માન્ય રાખ્યો હતો. પરંતુ નવાઈની વાત એ છે કે આ હુકમને ૧૫ મહિના જેટલો સમય વીતી ગયો હોવા છતાં આજદિન સુધી ખેડૂતોને વળતરની રકમ મળી નથી. પોતાના હકની રકમ મેળવવા માટે જ્યારે ખેડૂતોનું પ્રતિનિધિ મંડળ જિલ્લા કક્ષાએ રજૂઆત કરવા ગયું ત્યારે અધિકારીઓ દ્વારા એકબીજા પર જવાબદારી ઢોળવામાં આવી હતી. રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ખેડૂતોને પ્રાંત અધિકારી પાસે મોકલ્યા હતા. પ્રાંત અધિકારીએ કાર્યપાલક ઈજનેર પાસે મોકલ્યા હતા. આમ અધિકારીઓ અને પદાધિકારીઓની 'ખો' આપવાની નીતિ અને વળતર ચૂકવવામાં થતા વિલંબને કારણે જગતના તાતમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ૨૫ વર્ષની ધીરજ બાદ પણ જ્યારે ન્યાયના નાણાં ન મળે ત્યારે ખેડૂતોની હાલત અત્યંત કફોડી બની છે.

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)




વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૩૧/૨૦૨૬ તા.૧૧/૦૩/૨૦૨૬

શ્રી ભીખુભાઈ માધાભાઈ રીબડીયા
રહે.મોટી મોણપરી, તા.વિસાવદર, જી.જૂનાગઢ ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોટી મોણપરી,
તા. વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી ભીખુભાઈ માધાભાઈ રીબડીયા રહે. મોટી મોણપરી, તા.વિસાવદરએ તેમના બહેનશ્રી સવિતાબેન ઉર્ફે પ્રફુલાબેન માધાભાઈ રીબડીયાનો જન્મ તા.૧૫/૦૬/૧૯૭૪ ના રોજ વિસાવદર તાલુકાના મોટી મોણપરી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોટી મોણપરી, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોટી મોણપરી, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ મી માર્ચ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

| | | |
|---|---|---|
| તૈયાર કરનાર<br>સહી.<br>(પી.વી. શિંગડીયા)<br>નાયબ મામલતદાર<br>વિસાવદર | કોર્ટનો સિક્કો | હુકમથી<br>સહી.<br>(આર.એન.ખોડભાયા)<br>એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ<br>વિસાવદર |

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧| || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



YJ યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.

શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગર ટીમ દ્વારા

# અમરેલીમાં નૂતન કાર્યાલયનું ઉદ્ઘાટન કરાયું

**સાધુ-સંતોની પ્રેરક ઉપસ્થિતિમાં મહાઆરતી યોજાઈ**



અમરેલી,તા.૧૭

વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગર ટીમ દ્વારા રામનવમીના પાવન પર્વ નિમિત્તે તારીખ ૧૫.૦૩.૨૦૨૬ ના રોજ નૂતન કાર્યાલયનું ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાધુ-સંતોની પ્રેરક ઉપસ્થિતિમાં મહાઆરતીનું સુંદર આયોજન થયું હતું. કાર્યક્રમમાં પાણી દરવાજા સ્વામિનારાયણ મંદિરના ગોપાલ સ્વામી, પવન ધામ મચીયાળાના નલિન બાપુ તથા નાગદેવતા મંદિરના હાર્દિક બાપુએ આશીર્વચન પાઠવી કાર્યાલયનું ઉદઘાટન કર્યું હતું. આ અવસરે વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ, મંત્રી ઈતેષભાઈ મહેતા અને વિભાગીય અગ્રણી રશ્મિનભાઈ ત્રિવેદી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા કોષાધ્યક્ષ પંકજભાઈ ત્રિવેદી, પ્રાંત ઉપાધ્યક્ષ હંસાબેન મકાણી અને માતૃશક્તિના રમીલાબેન પટોળીયાએ પણ પોતાની હાજરી આપી કાર્યકરોનો ઉત્સાહ વધાર્યો હતો.

બજરંગ દળના વિદુરભાઈ ડાબસરા અને કરણભાઈ વાળા તેમજ નગર ટીમના ભાવેશભાઈ કાબરીયા, પંકજભાઈ કાનાણી અને અન્ય હોદ્દેદારોએ વ્યવસ્થા સંભાળી હતી. નગરના માતૃશક્તિ અને દુર્ગાવાહિનીના બહેનો સહિત મોટી સંખ્યામાં હિન્દુ પરિવારોના ભાઈ-બહેનોએ જોડાઈને ભક્તિભાવપૂર્વક મહાઆરતીનો લાભ લીધો હતો અને સમગ્ર વાતાવરણ રામમય બની ગયું હતું.

# વડિયાના ભવ્ય ટાવરના સમારકામની માંગ ઉઠી

**સરકારી હોસ્પિટલના પટાંગણમાં અડીખમ ટાવરના ડંકા ક્યારે સાંભળવા મળશે?**



અમરેલી,તા.૧૭

આઝાદી પૂર્વે વડિયા સ્ટેટ પોતાની શાંતિપ્રિયતા અને આદર્શ વહીવટ માટે જાણીતું હતું, જ્યાં વ્યસનમુક્તિ અને શિક્ષણને વિશેષ મહત્વ આપવામાં આવતું. આ ભવ્ય વારસાના પ્રતીક સમું ૧૦૦ વર્ષ જૂનું ટાવર આજે સરકારી હોસ્પિટલના પટાંગણમાં અડીખમ ઊભું છે. આ ટાવરમાં ઈંગ્લેન્ડની પ્રખ્યાત બિગ બેન કંપનીની દુર્લભ મશીનરી લગાવેલી છે, જે આજે પણ મરામત માંગે છે. અમરેલી, લાઠી અને રાજુલાના ટાવરોનું નવીનીકરણ સરકાર દ્વારા હાથ ધરાયું છે, ત્યારે વડિયાના ગ્રામજનોની પણ પ્રબળ ઈચ્છા છે કે આ ઐતિહાસિક ધરોહરને પુનઃ જીવંત કરવામાં આવે. જો સરકાર આ દિશામાં યોગ્ય પગલાં ભરે, તો વર્તમાન પેઢી ફરી એ ઘડિયાળના ડંકા સાંભળી શકશે અને દૂરંદેશીનો પ્રેરણાદાયી પરિચય મેળવી શકશે.

# રાજકોટના કોટડા સાંગાણી ગામે પરિણીતાના ચારિત્ર પર શંકા કરી પતિએ જાનથી મારવાની ધમકી આપી

**પરિણીતાએ પિયર પીપળલગ ગામે આવી સાસુ-સસરા, પતિ સામે ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૧૭

અમરેલીના પીપળલગ ગામની યુવતીના લગ્ન રાજકોટના કોટડા સાંગાણી ગામના યુવક સાથે થયા હતા. લગ્નના થોડા દિવસો બધું બરાબર ચાલ્યા બાદ ધીમે ધીમે અસલી રંગ બતાવવા લાગ્યા હતા. પતિ તથા સાસુ-સસરાએ નાની વાતમાં ત્રાસ આપ્યો હતો. અસહ્ય ત્રાસથી તોબા પોકારીને પરિણીતા પીપળલગ ગામે આવી હતી અને બાદમાં ફરિયાદ નોંધાવી હતી. કોમલબેન સાગરભાઈ દાફડાએ પતિ સાગરભાઈ પ્રવિણભાઈ દાફડા, સસરા પ્રવિણભાઈ હરીભાઈ દાફડા તથા સાસુ કાંતાબેન પ્રવિણભાઈ હરીભાઈ દાફડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્નની તા.૧૬/૦૫/૨૦૨૨ થી ૦૪/૦૧/૨૦૨૬ દરમ્યાન કોટડા સાંગાણી મુકામે પતિ સાગરભાઈ પ્રવિણભાઈ દાફડા તથા સસરા પ્રવિણભાઈ હરીભાઈ દાફડા તથા સાસુ કાંતાબેન પ્રવિણભાઈ હરીભાઈ દાફડાએ અવાર નવાર ચારીત્ર બાબતે શંકા કરતા હતા. તેમજ ઘરકામ બાબતે કોઈ વાંક વગર ઝગડો કરી મેણાટોણા મારી શારિરીક માનસીક દુઃખ ત્રાસ આપતા હતા. પતિએ ગાળો આપી ઢીકાપાટુનો મુંઢ માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી.પંડ્યા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલા-કૃષ્ણનગર બસમાં વૃધ્ધની તબિયત લથડતા એસ.ટી. કર્મીઓની ઉમદા કામગીરી

**ફરજ પરના કર્મચારીઓએ તાત્કાલિક ૧૦૮ ટીમને જાણ કરી**



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૧૭

રાજુલા ડેપોની રાજુલા–કૃષ્ણનગર બસમાં મુસાફરી કરી રહેલા એક ૬૫ વર્ષીય વૃદ્ધની તબિયત અચાનક લથડતા એસ.ટી. સ્ટાફે માનવતા મહેકાવી હતી.


બસ શહેરની બહાર નીકળતા જ મુસાફરને ચક્કર આવવા લાગ્યા હતા. કંડક્ટરની જાણકારી મળતા જ ડ્રાઈવર કે.ટી. રાઠોડે બસ ઉભી રાખી દીધી હતી. તે જ સમયે બસમાં સવાર અન્ય ડ્રાઈવર હિતેન્દ્રસિંહ રાઠોડે તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી સમયસૂચકતા દાખવી હતી. ૧૦૮ની ટીમ દ્વારા ત્વરિત સારવાર મળતા વૃદ્ધનો જીવ બચી શક્યો હતો. એસ.ટી. કર્મચારીઓની આ ફરજનિષ્ઠા અને માનવીય અભિગમને અન્ય મુસાફરોએ આદરપૂર્વક બિરદાવ્યો હતો.

# અમરેલીમાં સગીરા પર બળાત્કાર કરી જાનથી મારવાની ધમકી આપી

અમરેલી, તા.૧૭

અમરેલીમાં સગીરા પર બળાત્કાર કરીને તેના પરિવારને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. જેમાં એક શખ્સે પોતાના જ પરિવારની સગીર બહેન પર બળાત્કાર ગુજારી, તેને જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ છે. અમીત ઉર્ફે બબલુ પ્રવિણભાઈ પંચાળા સામે પીડિતાના પરિવારે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી ભોગ બનનાર કિશોરીનો પિતરાઈ ભાઈ થાય છે. ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષથી ઓછી હોવા છતાં, આરોપીએ કૌટુંબિક સંબંધોનો ગેરલાભ ઉઠાવ્યો હતો. આરોપીએ સગીરાની અપરિપક્વતાનો લાભ લઈ તેને લલચાવી-ફોસલાવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપીએ બદકામ કરવાના ઈરાદે સગીરા સાથે શારીરિક અડપલાં કરી જાતીય સતામણી કરી હતી. ત્યારબાદ, એક વખત તેની પર બળાત્કાર કર્યો હતો. આ હીન કૃત્ય આચર્યા બાદ, આરોપીએ સગીરાને મોઢું બંધ રાખવા માટે દબાણ કર્યું હતું. જો તે આ બાબતે કોઈને જાણ કરશે, તો તેના પરિવારના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. હાલમાં આ મામલે પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને પગલે સ્થાનિક પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# ખાંભા ગીર પંથકમાં મોડી રાત્રે ધરા ધ્રુજતા લોકોમાં ફફડાટ



અમરેલી,તા.૧૭

ખાંભા ગીર વિસ્તારમાં મોડી રાત્રે ૧૨:૧૭ વાગ્યે ૨.૦ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ખાસ કરીને નાના વિસાવદર અને ઈંગોરાળા જેવા ગામોમાં લોકો ધ્રુજારીના કારણે જાગી ગયા હતા. આઈ.એસ.આર. દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે કે ભૂકંપનું કેન્દ્રબિંદુ અમરેલીથી ૪૪ કિમી દૂર હતું. જોકે તીવ્રતા ઓછી હોવાથી કોઈ જાનમાલનું નુકસાન થયું નથી, પરંતુ વારંવાર આવતા આંચકાથી સ્થાનિકોમાં ચિંતાનો માહોલ છવાયો હતો.

TET / TAT / CCE
કોન્સ્ટેબલ / PSI
સ્પોકન ઈંગ્લિશ
નવી બેચમાં પ્રવેશ શરૂ...
માસિક ફી : Rs.1000/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
ફ્રી બહેરાશની તપાસ સલાહ, માર્ગદર્શન
તા.૧૫ થી ૩૧ માર્ચ સુધી
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
જર્મની, ડેન્માર્ક ના આધુનિક મશીન વ્યાજબી કિંમતમાં
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાયમી સરનામું
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૨૮૨/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી રાઘવભાઈ અરજણભાઈ શિયાળ
સરનામું :- મુ.વિસળીયા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - વિસળીયા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળીયા મુકામે ના શ્રી રાઘવભાઈ અરજણભાઈ શિયાળ એ તેમના પુત્રી નામે શ્રી ગુલાબબેન રાઘવભાઈ શિયાળ નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૫ ના રોજ રાજુલા તાલુકાના વિસળીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.આર.બલદાણીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

**-:: જાહેર નોટીસ ::-**

કેસ.નં.જન્મ-મરણ/૨૫/૨૦૨૬

શ્રી કુમનબેન બાબુભાઈ મુંજપરા વા/ ઓ કુમનબેન પ્રવિણભાઈ ભેસાણીયા,
રહે.છોડવડી, તા. ભેસાણ, જી. જુનાગઢ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - છોડવડી
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કુમનબેન બાબુભાઈ મુંજપરાનો જન્મ તા.૦૨/૧૦/૧૯૬૭ના રોજ ગામ મોજે: છોડવડી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - છોડવડી, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૧ મી માહે : માર્ચ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૩૬/૨૦૨૬ — તા.૧૧/૦૩/૨૦૨૬

શ્રી રતિભાઈ બાબુભાઈ રાખોલીયા
રહે.૧૫, સરસ્વતી કૃપા સોસાયટી, જુનુ નિશાળ ફળીયા,
પુણાગામ, ચોર્યાસી, બોમ્બે માર્કેટ, સુરત -૩૯૫૦૧૦ ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોટી મોણપરી,
તા. વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી રતિભાઈ બાબુભાઈ રાખોલીયા રહે. પુણાગામ, ચોર્યાસી, બોમ્બે માર્કેટ, સુરતએ તેમનો જન્મ તા.૧૬/૦૭/૧૯૬૭ ના રોજ વિસાવદર તાલુકાના મોટી મોણપરી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોટી મોણપરી, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોટી મોણપરી, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૧મી માર્ચ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

## :: દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે. અમારા અસીલ ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :-લીલીયા, મોજેઃ કુંતાણા ના ખેડ ખાતા નં.૯૮૦ જેના રે.સર્વે નં.૩/પૈકી ૩, જેનુ કુલ ક્ષેત્રફળ :- ૧-૫૯-૮૫ હે.આરે. ચો.મી.તથા રે. સર્વે નં.૩/પૈકી ૪ જેનુ કુલ ક્ષેત્રફળઃ- ૧-૫૯-૮૫ હે.આરે.ચો.મી. તથા રે.સર્વે નં.૩/પૈકી ૫ જેનુ કુલ ક્ષેત્રફળઃ- ૧-૫૯-૮૫ હે.આરે.ચોમી.જેનુ કુલ મળીને ક્ષેત્રફળઃ ૪-૭૯-૫૫ હે. આરે.ચોમી. (૧)દેવશીભાઈ ખોડાભાઈ સોરાણી, ના નામે ચાલે છે.જે જુની શરત ની છે. જે ખેતી ની બીન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણ કર્તા ના સયુંક્ત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલક્તના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલક્ત મા તેઓ સીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હિસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલ ને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુ મિલક્ત મા જો કોઈ નો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈ પણ રીતે હકક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગે ના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચે નાસરનામે દિન-૫ મા પુરાવા સહીત લેખીત જાણ કરવી. જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસ ની મુદત વિત્યે સદર મિલકતમા કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકાર નો હકક હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા ની કોઈપણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

સરનામુઃ- દેવ કોર્પોરેટ ઓફીસ ગ્રામ પંચાયત કચેરીની સામે, લીલીયા મોટા - ૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨, મો.૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી,
લી.આપનો વિશ્વાસુ

**તંત્રી લેખ**

# વૈશ્વિક અસ્થિરતાના પડકારમા મોટી તક

આજના સમયમાં સમગ્ર વિશ્વ એક નવા પ્રકારના પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. ખાસ કરીને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષો વિશ્વના આર્થિક સંતુલનને અસર કરી રહ્યા છે. યુદ્ધ કે તણાવ માત્ર એક પ્રદેશમાં મર્યાદિત નથી રહેતા, પરંતુ તેનો પ્રભાવ આખી દુનિયા પર પડે છે. વેપાર, ઊર્જા અને ખાદ્ય સુરક્ષા જેવી અગત્યની બાબતો સીધી અસર અનુભવે છે.

હાલમાં હોર્મુઝના અખાત અને તેની આસપાસના વિસ્તારમાં વધતી અસ્થિરતાએ દુનિયાને ચિંતિત બનાવી છે. આ માર્ગો વિશ્વના સૌથી મહત્વપૂર્ણ વેપાર માર્ગોમાં આવે છે. અહીંથી મોટી માત્રામાં તેલ અને ગેસનો પુરવઠો થાય છે. જ્યારે અહીં તણાવ વધે છે, ત્યારે તેલ અને ગેસના ભાવ વધી જાય છે. તેના કારણે પરિવહન ખર્ચ વધી જાય છે અને રોજિંદા વપરાશની વસ્તુઓ પણ મોંઘી બને છે. આમ, સામાન્ય લોકોના જીવન પર પણ તેની અસર પડે છે.

આ પરિસ્થિતિ એક મહત્વની વાત સમજાવે છે કે દુનિયાને એક જ માર્ગ પર નિર્ભર રહેવું યોગ્ય નથી. વેપાર માટે અલગ-અલગ વિકલ્પો હોવા જરૂરી છે. જો એક માર્ગમાં મુશ્કેલી આવે, તો બીજો માર્ગ ઉપયોગી બની શકે. આ માટે દેશોએ પોતાના વેપાર માર્ગોને વધુ સુરક્ષિત અને વૈવિધ્યપૂર્ણ બનાવવાની જરૂર છે.

યુરોપે થોડા વર્ષો પહેલા આવી જ સ્થિતિનો સામનો કર્યો હતો. જ્યારે રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયું, ત્યારે યુરોપના ઘણા દેશો ઊર્જા માટે રશિયા પર આધાર રાખતા હતા. આ સંકટ દરમિયાન યુરોપે ઝડપથી નવા ઊર્જા સ્ત્રોતો શોધ્યા અને અન્ય દેશો સાથે સહકાર વધાર્યો. તેમણે પોતાની પુરવઠા વ્યવસ્થાને મજબૂત બનાવી અને નવી નીતિઓ અપનાવી. આથી તેઓ સંકટને સારી રીતે સંભાળી શક્યા.

હવે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી પરિસ્થિતિને જોતા ફરીથી વેપાર માર્ગો અને વ્યવસ્થાઓ પર વિચારવાની જરૂર છે. અહીં ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર (IMEC) ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે. આ કોરિડોર ભારત, મધ્ય પૂર્વ અને યુરોપને જોડતો એક મહત્વપૂર્ણ વેપાર માર્ગ છે, જે ભવિષ્યમાં વૈશ્વિક વેપારને નવી દિશા આપી શકે છે.

આ કોરિડોર માત્ર એક રસ્તો નથી, પરંતુ એક મોટું આર્થિક નેટવર્ક છે. તેની મદદથી માલસામાન ઝડપથી અને ઓછા ખર્ચે એક જગ્યાથી બીજી જગ્યાએ પહોંચી શકે છે. આ સાથે નવા ઉદ્યોગો ઊભા થઈ શકે છે અને રોજગારીની તકો પણ વધે છે. આ પ્રકારના વિકાસથી આસપાસના વિસ્તારોમાં પણ પ્રગતિ થાય છે.

વેપાર માર્ગોમાં ફેરફાર થતાં આર્થિક નકશો પણ બદલાય છે. નવા માર્ગો નવા વિસ્તારોને મહત્વ આપે છે. ભૂમધ્ય સમુદ્ર અને તેની આસપાસના વિસ્તારો ફરીથી વૈશ્વિક વેપારમાં કેન્દ્રસ્થાને આવી રહ્યા છે. આ વિસ્તારોમાં આવેલા દેશો માટે આ એક મોટી તક છે.

પશ્ચિમ બાલ્કન વિસ્તાર પણ આ નવી વ્યવસ્થામાં મહત્વપૂર્ણ બની શકે છે. તેની ભૌગોલિક સ્થિતિ તેને યુરોપ અને એશિયા વચ્ચે એક સેતુ બનાવે છે. યોગ્ય વિકાસ થવાથી આ વિસ્તાર ફક્ત પરિવહન માટે નહીં પરંતુ ઉદ્યોગ અને રોકાણ માટે પણ મહત્વપૂર્ણ બની શકે છે. આથી સ્થાનિક અર્થતંત્ર મજબૂત બને છે અને લોકો માટે નવી તક ઊભી થાય છે.

અંતમાં કહી શકાય કે હાલની વૈશ્વિક અસ્થિરતા એક પડકાર છે, પરંતુ તેમાં મોટી તકો પણ છુપાયેલી છે. દેશોએ સમજદારીપૂર્વક નવા માર્ગો વિકસાવવા અને સહકાર વધારવા પર ધ્યાન આપવું જોઈએ. ભારત માટે પણ આ એક સારો અવસર છે, કારણ કે તે આ નવા કોરિડોર દ્વારા વૈશ્વિક બજારો સાથે વધુ મજબૂત જોડાણ બનાવી શકે છે. આ રીતે, બદલાતા વેપાર માર્ગો વિશ્વને નવી દિશા આપે છે અને વિકાસ માટે નવા દ્વાર ખોલે છે. જો યોગ્ય આયોજન અને સહકાર સાથે આગળ વધવામાં આવે, તો ભવિષ્યમાં વધુ સ્થિર અને મજબૂત વૈશ્વિક અર્થતંત્ર ઉભું થઈ શકે છે.

# અમરેલી જિલ્લાની સહકારી મંડળીઓ અને સખી મંડળની બહેનો માટે પ્રવાસ

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના કુશળ માર્ગદર્શન હેઠળ જિલ્લાની સહકારી મંડળીઓ અને સખી મંડળની બહેનો માટે એક વિશેષ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓને સહકારી પ્રવૃત્તિઓથી માહિતગાર કરી




તેમને આત્મનિર્ભર બનાવવાનો છે. આ મહિલા સંઘ દિલ્હી ખાતે આયોજિત ચાર દિવસીય તાલીમ શિબિરમાં ભાગ લેશે, જ્યાં વિવિધ ક્ષેત્રના વિષય નિષ્ણાતો દ્વારા તેમને સહકારી વ્યવસ્થાપન અને સંગઠન કૌશલ્યના પાઠ ભણાવવામાં આવશે. આ તાલીમ ઉપરાંત બહેનો દેશની રાજધાની દિલ્હીના ઐતિહાસિક અને પ્રેક્ષણીય સ્થળોની મુલાકાત પણ લેશે, જેનાથી તેમના જ્ઞાન અને આત્મવિશ્વાસમાં વધારો થશે. આ આયોજન અમરેલી જિલ્લામાં સ્ત્રી સશક્તિકરણની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે, જે મહિલાઓને આર્થિક અને સામાજિક રીતે વધુ સજ્જ બનાવશે.

# બાબરામાં પત્ની સાથે બોલાચાલી બાદ ઝેરી દવા પીનારા યુવકનું મોત

બાબરા, તા.૧૭

બાબરામાં પતિ-પત્ની વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલીમાં ઝેરી દવા પી લેતા યુવકનું સારવાર દરમમિયાન મોત થયુ હતુ.

બાબરા ગામની સીમમાં કરીયાણા રોડ ઉપર વાડીએ પત્ની સાથે બોલાચાલી બાદ એક પતિએ થોડા દિવસ અગાઉ ઝેરી દવા પી લેતાં સારવારમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. કિશોરભાઈ ભનુભાઈ સોલંકી (ઉ.વ.૨૭) એ જાહેર કર્યા મુજબ, વિશાલભાઇ ભનુભાઇ સોલંકી (ઉ.વ.૨૪) એ તેમની પત્ની સાથે સામાન્ય બોલાચાલી થયા બાદ લાગી આવતા ઝેરી દવા પી જતા મરણ પામ્યા હતા.

આમ, સામાન્ય બોલાચાલીમાં યુવકે ઝેરી દવા પી લીધા બાદ મોત થતા પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ શિવાભાઈ કે.મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે

# રાજુલામાંથી બ્યુટી પાર્લરનો કોર્સ કરવા જવાનું કહીને નીકળેલી યુવતી લાપતા બની

રાજુલા, તા.૧૭

અમરેલી જિલ્લામાં પરિણીતા અને યુવતીઓ લાપત્તા બનવાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે. જિલ્લામાં કામ અર્થે બહાર જતી યુવતીઓ કોઈને કહ્યા વગર જતી રહેતી હોવાથી પરિવારો માટે આ ચિંતાનો વિષય બન્યો છે. રાજુલામાં રહેતી એક યુવતી બ્યુટી પાર્લરનો કોર્સ કરવા જવાનું કહીને નીકળ્યા બાદ લાપતા બની હતી. દર્શકભાઈ અરવિંદભાઈ પરમાર (ઉ.વ.૩૦) એ જાહર કર્યા મુજબ, નેહાબેન અરવિંદભાઈ પરમાર (ઉ.વ.૨૬) રાજુલાથી સુરત મુકામે બ્યુટી પાર્લરનો કોર્સ કરવા જવાનું કહીને ગઈ હતી. ત્યાંથી આજથી દશ કે બાર દિવસ પહેલા કોઈને કંઈ પણ જાણ કર્યા વગર કયાંક જતી રહી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી એમ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં મક્કા-મદીનાના પ્રવાસના નામે ૩૨ શ્રદ્ધાળુઓ સાથે ૨૧.૭૯ લાખની છેતરપિંડી

સાવરકુંડલા, તા. ૧૭

પવિત્ર રમઝાન માસમાં સાઉદી અરેબિયાના મક્કા અને મદીના ખાતે હજ પઢવા જવાની ઈચ્છા રાખતા શ્રદ્ધાળુઓ સાથે લાખોની છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. સાવરકુંડલામાં VOCO TRIPS LLP ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકોએ એજન્ટ અને હાજીઓ સાથે વિશ્વાસઘાત કરી અંદાજે રૂા. ૨૧.૭૯ લાખ જેવી મોટી રકમ ઓળવી લીધી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. આસીફભાઈ ઈબ્રાહિમભાઈ ચૌહાણ (ઉ.વ.૩૫)એ મુંબઈના જાહીદ ઈશ્તીઆક અહમદ તથા મલીક અમજદ ઈશ્તીઆક અહમદ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીઓએ રમઝાન માસ દરમિયાન મક્કા-મદીનાના પ્રવાસ માટે આકર્ષક પેકેજ બહાર પાડ્યું હતું. આ સ્કીમમાં ફરિયાદ પક્ષને એજન્ટ તરીકે રાખવામાં આવ્યા હતા. એજન્ટ મારફતે કુલ ૩૨ જેટલા હાજીઓએ આ પ્રવાસ માટે બુકિંગ કરાવ્યું હતું. ટ્રાવેલ્સ સંચાલકોએ આ હાજીઓ પાસેથી પેકેજ પેટે કુલ રૂા. ૨૧,૭૯,૯૧૦/- ઉઘરાવી લીધા હતા. જોકે, પૈસા લીધા બાદ આરોપીઓએ હાજીઓને પ્રવાસ પર લઈ જવાની કોઈ વ્યવસ્થા કરી ન હતી. ભરેલા નાણાં પરત કરવાની માગણી છતાં રકમ પાછી આપી ન હતી. આરોપીઓએ પેકેજના પૈસા પરત નહી આપી તેમની તથા હાજીઓ સાથે વિશ્વાસઘાત કર્યો હતો.

# ચલાલામાં મોગલમા માનવ સેવા ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે સમૂહલગ્ન યોજાશે

ચલાલા,તા.૧૭

ચલાલામાં કાર્યરત શ્રી મોગલમા માનવ સેવા ટ્રસ્ટ દ્વારા આગામી વૈશાખ માસ–૨૦૨૬માં સમાજસેવાના ઉમદા હેતુ સાથે એક ભવ્ય સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય આર્થિક રીતે નબળા અને જરૂરિયાતમંદ પરિવારોની દીકરીઓના લગ્ન કોઈપણ પ્રકારના ખર્ચ વગર કરાવી આપવાનો છે. આ પવિત્ર મંગલ પ્રસંગે ટ્રસ્ટ તરફથી નવવધૂઓને કરિયાવરની તમામ જરૂરી ચીજવસ્તુઓ પણ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવશે, જેથી ગરીબ પરિવારો પરનો આર્થિક ભાર હળવો થઈ શકે. આ આયોજન હેઠળ પસંદગીના પાંચ ગરીબ પરિવારોની દીકરીઓના લગ્ન સંપૂર્ણપણે વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

હાલમાં આ સમૂહ લગ્ન માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હોવાથી, ઈચ્છુક પરિવારોને વહેલી તકે નોંધણી કરાવવા નમ્ર અપીલ છે. ટ્રસ્ટ દ્વારા સમાજના દાતાઓને પણ આ પુણ્યશાળી સેવા યજ્ઞમાં યથાશક્તિ આર્થિક કે વસ્તુરૂપે સહયોગ આપવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જિલ્લામાંથી ૮ મહિલા સહિત ૨૬ ઈસમો પાસેથી દેશી દારૂ પકડાયો

**પોલીસે ૭૦ લીટરથી વધુ દેશી દારૂ જપ્ત કર્યો**

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા કડક કામગીરી કરવામાં આવતી હોવા છતાં પ્યાસીઓ ગમે ત્યાંથી દારૂની વ્યવસ્થા કરી દારૂ પી જાહેરમાં છાટકા બની ફરતા નજરે પડે છે. આવા તત્વો સામે પોલીસે કડક હાથે કામગીરી શરૂ કરી છે. અમરેલી જિલ્લામાં પોલીસે પ્રોહિબીશનની પ્રવૃત્તિ સામે લાલ આંખ કરી છે. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૮ મહિલા સહિત ૨૬ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. પોલીસે ૭૦ લીટરથી વધુ દેશી દારૂ જપ્ત કર્યો હતો. આ સિવાય જિલ્લામાંથી ૨૫ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૧૦ | ૧૬૫૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૧૦ |
| જુવાર સફેદ | ૯૨૫ | ૧૦૭૦ |
| બાજરી | ૨૫૦ | ૩૩૧ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૬૦ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૭૪૮ |
| અડદ | ૯૧૧ | ૧૬૩૫ |
| મગ | ૮૦૦ | ૧૮૨૦ |
| વાલ દેશી | ૭૩૫ | ૧૧૫૧ |
| ચોળી | ૬૩૦ | ૧૦૦૦ |
| વટાણા | ૭૫૦ | ૧૨૪૪ |
| કળથી | ૩૩૦ | ૩૬૫ |
| રાજમા | ૧૦૫૦ | ૧૭૩૦ |
| સીંગદાણા | ૧૪૧૬ | ૧૯૯૬ |
| મગફળી જાડી | ૧૦૨૬ | ૧૫૯૭ |
| મગફળી જીણી | ૧૦૪૩ | ૧૫૭૭ |
| તલી | ૧૪૨૦ | ૨૦૫૦ |
| એરંડા | ૧૨૦૨ | ૧૩૦૦ |
| અજમો | ૧૮૫૦ | ૨૦૦૦ |
| સુવા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૫૦ |
| સીંગફાડા | ૧૧૮૦ | ૧૭૫૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૪૧૪૪ |
| લસણ | ૯૫૦ | ૧૭૦૦ |
| મરચા સુકા | ૩૦૦૦ | ૬૬૦૦ |
| વરીયાળી | ૧૩૦૦ | ૧૭૪૮ |
| જીરૂ | ૩૫૨૫ | ૪૧૨૫ |
| રાય | ૯૪૫ | ૧૨૮૪ |
| મેથી | ૮૦૦ | ૧૫૮૦ |
| ઇસબગુલ | ૪૦૦ | ૮૦૦ |
| અશેરીયો | ૯૭૫ | ૧૧૦૦ |
| કલોંજી | ૨૭૧૦ | ૩૩૨૬ |
| રાયડો | ૯૧૦ | ૧૧૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૯૨૧ | ૧૨૮૧ |
| લીંબુ | ૧૫૨૧ | ૩૦૧૧ |
| સાકરટેટી | ૧૪૬ | ૩૫૧ |
| તરબુચ | ૨૦૧ | ૪૧૨ |
| પપૈયા | ૮૨ | ૧૬૩ |
| બટેટા | ૭૨ | ૨૮૧ |
| ડુંગળી સુકી | ૫૧ | ૨૩૦ |
| ટમેટા | ૮૯ | ૨૦૨ |

| | | |
|---|---|---|
| સુરણ | ૮૧૭ | ૧૦૪૭ |
| કોથમરી | ૧૯૨ | ૩૧૪ |
| સકરીયા | ૫૦૭ | ૭૨૧ |
| મુળા | ૩૦૭ | ૫૧૨ |
| રીંગણા | ૧૭૮ | ૪૧૬ |
| કોબીજ | ૫૭ | ૧૦૫ |
| ફ્લાવર | ૨૨૫ | ૪૭૯ |
| ભીંડો | ૭૩૧ | ૯૮૧ |
| ગુવાર | ૯૪૬ | ૧૪૩૧ |
| ચોળાસીંગ | ૬૮૯ | ૧૦૦૨ |
| વાલોળ | ૫૦૬ | ૬૨૪ |
| ટીંડોળા | ૩૪૬ | ૭૯૮ |
| દુધી | ૮૬ | ૧૭૯ |
| કારેલા | ૬૦૨ | ૮૦૪ |
| સરગવો | ૪૧૩ | ૭૨૮ |
| તુરીયા | ૪૬૯ | ૭૦૭ |
| પરવર | ૧૦૩૬ | ૧૪૮૯ |
| કાકડી | ૨૪૨ | ૫૩૬ |
| ગાજર | ૧૩૬ | ૨૨૮ |
| વટાણા | ૬૨૧ | ૧૦૦૫ |
| ગલકા | ૪૮૧ | ૬૦૧ |
| બીટ | ૮૮ | ૧૪૬ |
| મેથી | ૧૯૬ | ૨૯૨ |
| વાલ | ૭૨૬ | ૮૧૯ |
| ડુંગળી લીલી | ૨૬૧ | ૪૦૨ |
| આદુ | ૯૨૫ | ૧૧૧૪ |
| મરચા લીલા | ૫૧૮ | ૭૨૧ |
| લસણ લીલું | ૫૪૭ | ૮૫૯ |
| મકાઇ લીલી | ૧૧૩ | ૨૧૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૬૨૧ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૪૩૬ | ૬૭૬ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૭૧ |
| સિંગ ફાડીયા | ૯૬૧ | ૧૮૮૧ |
| એરંડા / એરંડી | ૧૧૪૧ | ૧૩૦૬ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૫૬૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૬૦૧ | ૧૪૯૦૧ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૪૦૧ |
| ડુંગળી લાલ | ૫૧ | ૨૭૧ |
| અડદ | ૯૦૦ | ૧૪૪૧ |
| તુવેર | ૧૦૫૧ | ૧૫૬૧ |
| રાયડો | ૯૦૦ | ૧૧૫૧ |
| રાય | ૧૦૭૧ | ૧૨૩૧ |
| મેથી | ૯૦૧ | ૧૩૩૧ |

| | | |
|---|---|---|
| કાંગ | ૩૦૧ | ૪૮૧ |
| મરચા | ૧૪૦૧ | ૭૯૦૧ |
| મગફળી જાડી | ૧૦૭૧ | ૧૬૦૬ |
| સફેદ ચણા | ૯૦૧ | ૧૭૫૧ |
| મગફળી ૬૬ | ૧૨૭૬ | ૧૩૫૦ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૨૫૧ |
| બાજરો | ૩૦૧ | ૩૭૧ |
| જુવાર | ૫૧૧ | ૧૦૦૧ |
| મકાઇ | ૨૦૧ | ૩૯૧ |
| મગ | ૪૭૬ | ૧૫૫૧ |
| ચણા | ૮૧૧ | ૧૦૯૬ |
| વાલ | ૭૦૧ | ૧૧૬૧ |
| ચોળા / ચોળી | ૩૦૧ | ૭૬૧ |
| સોયાબીન | ૯૮૧ | ૧૦૫૧ |
| ગોગળી | ૯૪૧ | ૧૨૯૧ |
| વટાણા | ૮૫૧ | ૧૧૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૬૦ | ૪૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૩૦ | ૨૦૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૩૦૦ |
| કાકડી | ૬૦ | ૬૦૦ |
| રીંગણા | ૮૦ | ૬૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૯૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૩૦૦ | ૧૧૦૦ |
| શક્કરીયા | ૧૦૦ | ૩૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૪૦ |
| ડુંગળી પુરા | ૨ | ૭ |
| કોથમીર પુરા | ૨ | ૭ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચૂણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૬૦૦ |
| મેથી પુરા | ૧ | ૬ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૨ | ૧૫ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |

| | | |
|---|---|---|
| કારેલા | ૪૦૦ | ૯૦૦ |
| વાલોર | ૧૮૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૨૦૦ |
| ફણશી | ૭૦૦ | ૮૦૦ |
| મકાઈ ડોડા | ૧૪૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૪ | ૧૦ |
| પાલક પુરા | ૨ | ૩ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૪૨૫ | ૧૪૨૫ |
| ગીરનાર શિંગ | ૧૪૫૦ | ૧૪૯૦ |
| શિંગ મોટી | ૯૫૦ | ૧૫૦૦ |
| શિંગ દાણા | ૧૫૦૦ | ૧૬૦૦ |
| શિંગ દાણા ફાડા | ૧૫૦૫ | ૧૭૦૦ |
| તલ સફેદ | ૧૪૬૫ | ૧૮૭૫ |
| કાળા તલ | ૧૫૦૦ | ૩૭૦૦ |
| તલ કાશમીરી | ૨૦૫૦ | ૨૦૫૦ |
| બાજરો | ૩૪૫ | ૩૪૫ |
| જુવાર | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૬૨૦ |
| ઘઉં લોકવન | ૩૯૦ | ૫૦૫ |
| અડદ | ૧૩૦૫ | ૧૩૦૫ |
| ચણા | ૮૫૦ | ૧૦૫૦ |
| ચણા દેશી | ૧૦૪૦ | ૧૧૦૫ |
| સફેદ ચણા | ૯૦૦ | ૧૧૦૦ |
| છોલે ચણા | ૧૦૫૫ | ૧૩૫૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૮૫ |
| કપાસ | ૧૦૭૫ | ૧૬૭૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૭૦ |
| જીરુ | ૨૦૦૦ | ૪૩૫૦ |
| રાય | ૧૧૦૦ | ૧૧૨૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૨૭૦ |
| ધાણી | ૧૭૫૦ | ૩૦૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૮૯૦ | ૧૦૪૫ |
| મરચાં લાંબા | ૧૧૩૦ | ૬૮૦૦ |
| મરચાં ઘોલર | ૨૫૯૦ | ૧૧૯૫૦ |
| કાંગ | ૪૦૦ | ૪૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૨૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૧૪૦ | ૨૧૦ |
| કોબીજ | ૮૦ | ૧૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૩૫૦ |
| ટમેટાં | ૨૦૦ | ૩૦૦ |

| | | |
|---|---|---|
| સુરણ | ૮૫૦ | ૯૫૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૬૫૦ | ૭૩૦ |
| ગલકા | ૩૨૦ | ૪૩૦ |
| કાકડી | ૨૧૦ | ૨૭૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૫૦૦ |
| વટાણા | ૯૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૩૮૦ | ૪૨૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| તુવેર | ૫૫૦ | ૬૫૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૬૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૫૩૦ | ૬૫૦ |
| ફોદીનો | ૪૦૦ | ૫૩૦ |
| ટીંડોરા | ૫૨૦ | ૬૪૦ |
| બીટ | ૨૦૦ | ૨૬૦ |
| સરગવો | ૨૧૦ | ૨૯૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૨૦૦ |
| મરચાં લાલ | ૧૧૫૦ | ૧૨૩૦ |
| ડુંગળી લીલી | ૧૧૦ | ૨૩૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૪૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૬૦૦ |
| લસણ સુકું | ૧૦૦૦ | ૧૬૦૦ |
| પાલક | ૩૨૦ | ૪૩૦ |
| લીબુ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૩૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૫૨ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૪૮૫ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૧૮૧૧ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૫૦૧ |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૨૭ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૩ |
| જુવાર | ૮૫૦ | ૧૦૨૦ |
| અડદ | --- | ૧૩૦૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૦ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૭૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૭૦ |

| | | |
|---|---|---|
| મેથી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| રાય/ રાયડો | ૯૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૯૦૦ | ૨૨૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૩૦ | ૧૬૨૩ |
| કપાસ મીડી. | ૧૨૬૦ | ૧૩૯૦ |
| મગફળી | ૧૨૧૫ | ૧૪૦૫ |
| જીરૂ | ૩૩૩૦ | ૪૧૦૦ |
| ચણા | ૧૦૦૫ | ૧૦૨૫ |
| ઘઉં | ૪૮૫ | ૫૨૫ |
| ધાણા | ૧૪૬૫ | ૨૧૫૫ |
| તુવેર | ૧૧૭૫ | ૧૪૫૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૩૮૨ | ૪૪૪ |
| ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૦૫ |
| ચણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૮૭૦ |
| શિંગ દાણા | ૧૪૦૦ | ૧૫૫૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૫૦ |
| મેથી | ૯૨૫ | ૧૦૦૦ |
| મગફળી | ૯૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૬૧૦ | ૧૦૦૦ |
| રાયડો | ૯૨૦ | ૯૨૦ |
| લસણ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૮૨૫ |
| ધાણી | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ચણા સફેદ | ૧૦૪૬ | ૧૦૪૬ |
| અડદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| **ધારી** | | |
| મગફળી | ૯૦૦ | ૧૨૭૫ |
| ઘઉં | ૩૭૦ | ૪૩૦ |
| ચણા | ૧૦૨૦ | ૧૦૪૨ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૭૬ |
| એરંડા | ૧૧૩૦ | ૧૨૬૩ |
| ધાણા | ૧૩૨૦ | ૧૮૭૫ |
| રાયડો | ૧૦૨૧ | ૧૦૨૭ |
| લાલ તુવેર | ૧૧૮૦ | ૧૩૦૦ |
| સફેદ ચણા | ૧૧૧૫ | ૧૧૧૫ |
| મેથી | ૮૦૦ | ૮૨૫ |
| તલ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| **મહુવા** | | |
| જુવાર | ૩૮૧ | ૧૦૦૬ |
| બાજરી | ૩૨૧ | ૬૩૮ |
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૬૪૧ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૧૦૨૦ | ૧૦૫૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મગ | ૬૧૫ | ૧૩૫૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૬૭૦ |
| ચણા | ૭૫૦ | ૧૦૫૮ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૦૨૨ |
| તલ કાળા | ૨૪૦૦ | ૨૪૦૦ |
| તુવેર | ૮૪૫ | ૧૪૬૧ |
| જીરૂ | ૩૬૦૦ | ૩૬૦૦ |
| ડુંગળી લાલ | ૭૦ | ૧૯૪ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૭૨ |
| નાળીયેર | ૩૦૦ | ૨૪૪૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૦૧ | ૧૬૦૨ |
| ચણા | ૯૭૧ | ૧૦૨૭ |
| સોયાબીન | ૯૨૧ | ૯૨૧ |
| તુવેર | ૧૩૯૬ | ૧૪૯૧ |
| **રાજુલા** | | |
| શિંગ | ૧૧૫૦ | ૧૨૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૨ |
| બાજરો | ૩૩૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૩૫૬ | ૫૫૮ |
| જુવાર | ૩૭૬ | ૧૦૭૦ |
| તુવેર | ૧૩૪૦ | ૧૩૭૧ |
| ચણા | ૯૬૦ | ૧૧૦૬ |
| જીરૂ | ૨૩૦૧ | ૨૩૦૧ |
| મેથી | ૯૦૦ | ૧૦૫૨ |
| સોયાબીન | ૭૫૦ | ૯૪૧ |
| રાય | ૯૭૦ | ૧૧૨૫ |
| **જામનગર** | | |
| જુવાર | ૬૦૦ | ૯૦૦ |
| બાજરો | ૨૦૦ | ૪૯૦ |
| ઘઉં | ૩૮૦ | ૫૧૩ |
| અડદ | ૧૧૬૦ | ૧૫૬૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૯૦ |
| ચોળી | ૫૦૦ | ૮૦૦ |
| વાલ | ૩૦૦ | ૬૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૭૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૧૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૪૬૫ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૮૦ |
| રાય | ૧૦૫૦ | ૧૩૦૦ |
| લસણ | ૫૭૫ | ૧૪૩૦ |

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૪૫ |
| જીરૂ | ૧૨૦૦ | ૪૧૯૫ |
| અજમો | ૧૨૦૦ | ૩૫૭૦ |
| અમજમાની ભૂસી | ૬૦ | ૧૭૪૦ |
| ધાણા | ૧૬૩૦ | ૨૦૦૦ |
| ધાણી | ૧૭૦૦ | ૨૩૭૦ |
| મરચા | ૧૧૫૦ | ૫૪૦૦ |
| ડુંગળી | ૪૦ | ૧૮૫ |
| વટાણા | ૬૦૦ | ૧૦૧૫ |
| કલોજી | ૧૯૦૦ | ૩૧૬૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૦૬ |
| ઘઉં | ૪૦૧ | ૪૮૬ |
| ચણા | ૭૦૧ | ૧૦૫૧ |
| તુવેર | ૯૦૧ | ૧૫૦૧ |
| મગફળી | ૭૦૧ | ૧૩૦૬ |
| તલ સફેદ | ૧૧૦૧ | ૧૭૯૬ |
| કલેજી | ૨૦૦૧ | ૨૯૧૬ |
| મેથી | ૭૦૦ | ૧૧૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૮૬ |
| સોયાબીન | ૭૦૧ | ૯૯૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૨૦૦ | ૧૫૨૨ |
| બાજરી હાઈબ્રીડ | ૩૧૧ | ૫૯૬ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૫૮૮ |
| ઘઉં લોકવન | ૩૯૦ | ૪૯૬ |
| રાય | ૧૦૫૦ | ૧૨૩૫ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૨૮ |
| મેથી | ૯૭૦ | ૧૧૧૮ |
| તુવેર | ૧૧૫૦ | ૧૪૩૨ |
| જુવાર | ૮૭૦ | ૧૦૯૨ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૫૦ |
| મગ | ૮૫૦ | ૧૬૦૫ |
| એરંડી | ૧૦૫૦ | ૧૨૩૧ |
| ચણા | ૯૬૦ | ૧૦૩૯ |
| સોયાબીન | ૯૭૦ | ૧૦૫૧ |
| ધાણા | ૧૪૦૦ | ૧૯૧૮ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૪૫ |
| કાંગ | ૪૨૧ | ૫૧૩ |

સંજોગ ન્યૂઝ
# ઉત્સવ
બુધવાર, 18 માર્ચ, 2026
05



લાગે તો તીર : - સગા સંબંધીઓને ફોન નથી કર્યા એટલાં આ લોકોને ફોન કર્યા છે 06

# ઈરાન મુસ્લિમ દેશોને કેમ ટાર્ગેટ કરી રહ્યું છે ?



ઈરાન આરબ દેશો પર કેમ આક્રમણ કરી રહ્યું છે ?

અમેરિકા-ઈઝરાયલે ઈરાન પર આક્રમણ કર્યું તેના કારણે આખી દુનિયામાં ઉથલપાથલ થઈ ગઈ છે ત્યારે આ સવાલ પણ પૂછાઈ રહ્યો છે. ક્રુડ ઓઈલના ભાવ ભડકે બળી રહ્યા છે તેથી બધી ચીજોના ભાવ વધવા માંડ્યા છે. ઈરાનથી આવતો ગેસ બંધ થતાં ઉદ્યોગોને પણ અસર થઈ છે તેથી લોકો આ યુધ્ધ ઝડપથી પતે એવી પ્રાર્થના કરી રહ્યાં છે. ઈરાન પર અમેરિકા-ઈઝરાયલે આક્રમણ કર્યું ત્યારે સૌને એમ હતું કે, અમેરિકા-ઈઝરાયલ બહુ સરળતાથી ઈરાનને મસળી નાંખશે પણ અમેરિકા-ઈઝરાયલે લગભગ ૧૫ હજાર જેટલા હુમલા કર્યા પછી પણ ઈરાન મચક નથી આપી રહ્યું. ઉલટાનું ઈરાને સાઉદી અરેબિયા, યુએઈ સહિતના દેશો પર હુમલા કરીને તેમની હાલત બગાડી નાંખી છે. આ દેશોમાં અત્યારે તો ભાગદોડ મચેલી છે અને લોકો દેશ છોડીને ભાગી રહ્યાં છે.

ઈઝરાયલ યહૂદીઓનો દેશ છે તેથી તેની સાથેની ઈરાનની દુશ્મનાવટ સમજી શકાય પણ ઈરાન પણ મુસ્લિમ દેશ છે અને સાઉદી અરેબિયા, દુબઈ વગેરે પણ મુસ્લિમ દેશો છે છતાં ઈરાન તેમને ટાર્ગેટ કરી રહ્યું તેનું સૌને આશ્ચર્ય છે પણ તેમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી. આપણે દુનિયાભરના મુસ્લિમોને એક માનીએ છીએ પણ મુસ્લિમોમાં પણ અંદરોઅંદર ભારે દુશ્મનાવટ છે. તેમાં સૌથી મોટી દુશ્મનાવટ શિયા વર્સીસ સુન્નીની છે. ઈરાનના આરબ દેશો પરના આક્રમણનું કારણ આ દુશ્મનાવટ છે.

વિશ્વમાં મુસ્લિમોની કુલ વસતીમાં ૮૫ ટકા સુન્ની જ્યારે ૧૪ ટકા શિયા છે. અન્ય મુસ્લિમ સમુદાયો મુસ્લિમોની કુલ વસતીમા એક ટકાની આસપાસ છે. ઈરાન અને ઈરાક શિયાઓની બહુમતી ધરાવતા બે મોટા દેશ છે પણ ઈરાકમાં શિયા શાસન નથી તેથી ઈરાક જ શિયાઓનો આગેવાન દેશ છે. બીજી તરફ સાઉદી અરેબિયા સુન્ની મુસ્લિમ દેશોનું આગેવાન છે. અત્યંત કટ્ટરવાદી સુન્નીઓ દુનિયાભરમાં માત્ર સુન્નીઓનું શાસન સ્થાપવા માગે છે. આ ઉદ્દેશને પાર પાડવા જિહાદના નામે ચાલતી આતંકવાદી પ્રવૃત્તિઓને પણ સુન્ની દેશો પોષે છે. ઈરાન દુનિયાના તમામ મુસ્લિમોને શિયા બનાવવા માગે છે. યમન, સીરિયા સહિતના જે દેશોમાં શિયાઓની નોંધપાત્ર વસતી છે એ દેશોમાં ઈરાન શિયા સંગઠનોને તન,મન, ધનથી મદદ કરીને શિયા શાસન સ્થાપવા માગે છે.

સાઉદી સહિતના દેશો સીધા ઈરાનને પછાડી શકે તેમ નથી તેથી અમેરિકાને સાથ આપે છે. સાઉદી સહિતના દેશોમાં અમેરિકાએ લશ્કરી છાવણીઓ નાંખેલી છે ને સમુદ્ર સીમામાં અમેરિકાનાં યુધ્ધ જહાજો ફરી રહ્યાં છે. તેના પરથી ઈરાન પર હુમલો થઈ રહ્યા છે. ઈરાન સીધું અમેરિકા પર આક્રમણ કરી શકે તેમ નથી તેથી અમેરિકાના પીઠ્ઠુ મુસ્લિમ દેશો પર હુમલા કરી રહ્યું છે કે જેથી અમેરિકા પર દબાણ પેદા થાય. આરબ દેશો તબાહીના ડરે રોકકળ કરતાં અમેરિકા પાસે જાય તો અમેરિકા યુધ્ધ બંધ કરવા મજબૂર બને એવી ઈરાનની ગણતરી છે.

■■■

ઈરાનની આર્થિક તાકાત કેવી છે ?

આર્થિક રીતે ઈરાન મધ્યમ કક્ષાની સમૃધ્ધિ ધરાવતા દેશોમાં એક છે. લગભગ સવા ૯ કરોડની વસતી ધરાવતા ઈરાનની જીડીપી ૧.૮૮ ટ્રિલિયન ડોલર છે. ભારત કરતાં પંદરમા ભાગની વસતી ધરાવતા ઈરાનની જીડીપી ભારત કરતાં લગભગ અડધી છે તેના પરથી જ તેની સમૃધ્ધિનો ખ્યાલ આવી જાય. ઈરાનની માથાદીઠ આવક ૨૨ હજાર ડોલર એટલે કે લગભગ ૨૦ લાખ રૂપિયાની આસપાસ છે. ઈરાન માથાદીઠ આવકમાં વિશ્વમાં ૯૧મા સ્થાને છે જ્યારે ભારત ૧૧૯મા સ્થાને છે.

ઈરાનની આવકનો મુખ્ય સ્રોત ક્રુડ ઓઈલ છે.

ઈરાન દરરોજ લગભગ ૩૩ લાખ બેરલ ક્રૂડ ઓઈલનું ઉત્પાદન કરે છે અને લગભગ ૧૩ લાખ બેરલ કન્ડેન્સેટ અને નેચરલ ગેસ સહિત અન્ય લિક્વિડ ઈંધણનું ઉત્પાદન કરે છે. કુલ ગ્લોબલ એનર્જી સપ્લાયનો ૪.૫ ટકા હિસ્સો ઈરાનમાંથી આવે છે અને વિશ્વના ક્રુડ ઓઈલના કુલ જથ્થામાંથી ૧૨ ટકા જેટલું ક્રુડ ઈરાનમાં હોવાથી ઈરાન એનર્જી સુપરપાવર ગણાય છે. વેનેઝુએલા અને સાઉદી અરેબિયા પછી ઈરાન વિશ્વમાં સૌથી વધારે ક્રુડ ઓઈલ ધરાવતો દેશ છે.

બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

ડોનાલ્ડ ટ્રમ્પનો ડોળો ઈરાન પર મંડાયેલો છે તેનું કારણ આ ક્રુડ છે.

અમેરિકાએ ઈરાન પર પ્રતિબંધો ઠોકી બેસાડતાં ઈરાનના ક્રુડ ઓઈલના વેચાણને ફટકો પડ્યો છે કેમ કે ભારત સહિતના ઘણા મોટા ખરીદદાર દેશો હવે ઈરાન પાસેથી ક્રુડ નથી લેતા. ભારત ટ્રમ્પથી ડરી ગયું પણ ચીન ડર્યું નથી તેથી અમેરિકાની ઐસીતૈસી કરીને પણ ઈરાન પાસેથી ક્રુડ ખરીદે છે તેથી ઈરાનને આર્થિક રીતે પાયમાલ કરીને ઘૂંટણિયે પાડવાની ટ્રમ્પની મુરાદ બર નથી આવતી.

ઈરાનની આર્થિક તાકાત અમેરિકા સામે કશું ના કહેવાય છતાં ઈરાન ઝીંક ઝીલી રહ્યું છે તેનું કારણ ચીન અને રશિયાનો પાછલા બારણે સપોર્ટ છે. ઈરાનને હરાવીને તેના ક્રુડના ભંડારો પર કબજો કરીને અમેરિકા દુનિયામાં એનર્જી સુપરપાવર બની જાય ને બધા દેશોને પોતાના ઈશારે ના નચાવે એટલે ચીન-રશિયા ઈરાનને ટકાવી રાખવામાં ભરપૂર મદદ કરે છે. ચીન ક્રુડ ઓઈલની ખરીદીના બદલામાં ઈરાનને શસ્ત્રો આપે છે. ઈરાને વિકસાવેલાં મિસાઈલોમાં પણ ચીને મદદ કરી છે. રશિયા પણ ઈરાનને પાછલા બારણે ભરપૂર મદદ કરતું હોવાથી ઈરાન યુધ્ધ લડી શકે છે.

■■■

અમેરિકા ઈરાનમાં બળવો કરાવવામાં સફળ કેમ થતું નથી ?

અમેરિકાએ અત્યારે સોશિયલ મીડિયાના માધ્યમથી ઈરાનમાં વધતી મોંઘવારી સહિતના મુદ્દા ચગાવીને સત્તાપલટો કરાવવાની મથામણ કરી જોઈ પણ સફળતા મળી નથી. આરબ દેશોમાં બેફામ શાસકો અને સરમુખત્યારો સામે યુવાઓ સોશિયલ મીડિયા પર ૨૦૧૦માં આક્રોશ ઠાલવવાનું શરૂ થયું ત્યારે ઈરાનમાં પણ સત્તાપલટા માટે પ્રયત્ન કરાયેલો પણ સફળતા નહોતી મળી. આરબ દેશોમાં પ્રજાનો આક્રોશ એટલો બુલંદ બનેલો કે, વરસોથી જામી ગયેલા સત્તાધીશોને લોકોએ ઉખાડીને ફેંકી દીધા હતા.

આરબ સ્પ્રિંગ તરીકે જાણીતી આ ક્રાંતિની અસર સંખ્યાબંધ દેશોમાં થઈ હતી. ભ્રષ્ટાચાર, જોહુકમી અને આર્થિક અસ્થિરતાના વિરોધમાં ટ્યુનિશિયામાં શરૂઆત થઈ પછી વિરોધ લિબિયા, ઈજિપ્ત, યમન, સીરિયા અને બહેરીન એ પાંચ દેશોમાં ફેલાયો તેમાં પાચ શાસકો ફેંકાઈ ગયા. ટ્યુનિશિયાના ઝીન અલ અબીદીન બેન અલી, લિબિયાના મુઅમ્મર ગદાફી અને ઈજિપ્તના હોસ્ની મુબારક ૨૦૧૧ માં ઘરભેગા થયા અને ૨૦૧૨ માં યમનના અલી અબ્દુલ્લા સાલેહનો વારો પડી ગયો. સીરિયામાં અસદ અલ બશર બચી ગયેલા પણ અડધા સીરિયા પરથી અંકુશ ગયો.

આરબ સ્પ્રિંગ વખતે ભારે હિંસા થઈ અને રમખાણો ફાટી નિકળેલાં. મોરોક્કો, ઈરાક, અલ્જેરિયા, લેબનોન, જોર્ડન, કુવૈત, ઓમાન અને સુદાનમાં ઉગ્ર દેખાવો થયેલા જ્યારે જીબુટી, મૌરિટાનિયા, પેલેસ્ટાઈન, સાઉદી અરેબિયા અને પશ્ચિમી સહારા સહિતના દેશોમાં પણ નાના પાયે દેખાવો અને વિરોધ પ્રદર્શનો થયાં હતા. સોશિયલ મીડિયામાં સરકારો સામે પેદા થયેલા ભયંકર આક્રોશ અને અસંતોષે પાછળ અમેરિકા હતું.

અમેરિકા ઈરાનમાં ના ફાવ્યું તેનું કારણ ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ છે. ઈરાનમાં સેપાહ અથવા પાસદારન તરીકે ઓળખાતા ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ્સ ઈરાનમાં સમાંતર આર્મી છે. તેના કમાન્ડર-ઈન-ચીફની નિમણૂક ઈરાનના સર્વોચ્ચ નેતા દ્વારા કરાય છે અને તેમને જ રીપોર્ટ કરે છે. ઈરાની ક્રાંતિ પછી મે ૧૯૭૯ માં રૂહોલ્લાહ ખોમેનીએ લશ્કરી શાખા રીવોલ્યુશનરી ગાર્ડ્સની સ્થાપના કરી હતી કેમ કે ખોમેનીને ઈરાનના લશ્કર પર ભરોસો નહોતો. લશ્કરમાં શાહના માણસો હોવાથી બળવો કરી શકે તેથી આ ખતરાને ટાળવા ખોમેનીએ રીવોલ્યુશનરી ગાર્ડ્સની સ્થાપના કરી.

આ ગાર્ડ્સ અત્યંત કટ્ટરવાદી છે અને શિયા સંપ્રદાયના રક્ષણના ઉદ્દેશને વરેલા છે તેથી સુપ્રીમ લીડરના એક ઈશારે પોતાના જ દેશની આર્મી સામે પણ ભિડાઈ શકે છે. સત્તાવાર રીતે ઈરાનમાં બે લાખ જેટલા રીવોલ્યુશનરી ગાર્ડ છે પણ બિનસત્તાવાર રીતે તેમની સંખ્યા ૫ લાખથી પણ વધારે છે. તેમને એકે ૪૭ સહિતનાં અત્યાધુનિક શસ્ત્રો અપાયેલાં છે.

ઈરાનમાં પોલીસ કરતાં રીવોલ્યુશનરી ગાર્ડ વધારે હોવાથી સુપ્રીમ લીડર સામેના કોઈ પણ વિરોધને ક્રૂરતાથી કચડી નાંખે છે. ડોનાલ્ડ ટ્રમ્પને પણ આ વાતની ખબર હોવાથી તેમણે રીવોલ્યુશનરી ગાર્ડને હથિયારો હેઠાં મૂકીને સત્તાપલટામાં સાથ આપવા કહેલું પણ કોઈએ સાથ ના આપ્યો. કોઈ પણ રીવોલ્યુશનરી ગાર્ડ ગદ્દારી કરે તો તેને પરિવાર સાથે જાહેરમાં મારી નંખાય છે તેથી સુપ્રીમ લીડરનો ખોફ એવો છે કે કોઈ ગાર્ડ ગદ્દારી ના કરે. ■

sanjogpurti@gmail.com

# મૃત્યુ પછીની સફરઃ ધર્મ અને વિજ્ઞાનનો દૃષ્ટિકોણ



મૃત્યુ એ જીવનનું અંતિમ અને સૌથી રહસ્યમય સત્ય છે, જેની આસપાસ સદીઓથી અનેક માન્યતાઓ અને વૈજ્ઞાનિક તર્ક વિતર્ક જોડાયેલા છે. આ વિષય પર દુનિયાના વિવિધ ધર્મોના અલગ-અલગ મંતવ્યો છે, પરંતુ તે બધાનો મૂળ હેતુ આત્માની ગતિને સમજવાનો છે. હિંદુ ધર્મમાં મૃત્યુને માત્ર દેહ પરિવર્તન માનવામાં આવે છે. શ્રીમદ ભગવદ્ ગીતા અનુસાર, જેમ મનુષ્ય જૂના વસ્ત્રો ત્યજીને નવા વસ્ત્રો ધારણ કરે છે, તેમ આત્મા જૂનું શરીર છોડીને નવું શરીર ધારણ કરે છે. આ પુનર્જન્મનો સિદ્ધાંત કર્મ પર આધારિત છે, જ્યાં આત્મા મોક્ષની પ્રાપ્તી ન થાય ત્યાં સુધી જન્મ-મરણના ચક્રમાં ફરતો રહે છે. શીખ અને જૈન ધર્મ પણ પુનર્જન્મ અને કર્મના સિદ્ધાંતમાં માને છે. જૈન ધર્મ અનુસાર, આત્મા પોતાના કર્મોના બોજથી મુક્ત થઈને 'સિદ્ધ' અવસ્થા પ્રાપ્ત કરે છે, જે અનંત સુખની સ્થિતિ છે. બૌદ્ધ ધર્મમાં આત્માના અસ્તિત્વને બદલે 'ચેતનાના પ્રવાહ' પર ભાર મૂકવામાં આવ્યો છે, જ્યાં નિર્વાણની પ્રાપ્તિ દ્વારા આ જન્મ-મરણના દુઃખમાંથી મુક્તિ મળે છે.

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

બીજી બાજુ, અબ્રાહમિક ધર્મોમાં આત્માની ગતિ વિશે ભિન્ન માન્યતા છે. ઈસ્લામ ધર્મ મુજબ, મૃત્યુ પછી આત્મા 'બરઝખ' નામની સ્થિતિમાં રહે છે અને કયામતના દિવસે અલ્લાહ દ્વારા ન્યાય કરવામાં આવે છે, જેના આધારે વ્યક્તિને જન્નત (સ્વર્ગ) કે જહન્નમ (નર્ક) મળે છે. ખ્રિસ્તી અને યહુદી ધર્મમાં પણ આ જ પ્રકારની માન્યતા છે, જ્યાં મૃત્યુ પછી આત્માનો ન્યાય થાય છે અને ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા તેમજ પૃથ્વી પર કરેલા કાર્યોના આધારે અનંત જીવન કે સજા નક્કી થાય છે. આ ધર્મોમાં પુનર્જન્મના બદલે એક જ જીવન અને ત્યારબાદ અંતિમ ન્યાયના દિવસની કલ્પના કરવામાં આવી છે. અહીં આત્માને અમર માનવામાં આવે છે જે દેહના અંત પછી પણ ઈશ્વરના સાનિધ્યમાં અથવા ન્યાયની પ્રતીક્ષામાં જીવંત રહે છે.

વિજ્ઞાન આ વિષયને સંપૂર્ણપણે ભૌતિક અને તાર્કિક દૃષ્ટિકોણથી જુએ છે. વિજ્ઞાન માટે મૃત્યુ એ મગજ અને હૃદયની કાર્યપ્રણાલીનો અંત છે. જ્યારે મગજને ઓક્સિજન મળતો બંધ થઈ જાય અને કોષો નાશ પામે, ત્યારે ચેતના શૂન્ય થઈ જાય છે. જોકે, ઊર્જાના સંરક્ષણના નિયમ મુજબ, ઊર્જા ક્યારેય નષ્ટ થતી નથી પરંતુ માત્ર સ્વરૂપ બદલે છે. કેટલાક વૈજ્ઞાનિકો 'નિયર ડેથ એક્સપિરિયન્સ' (NDE) પર સંશોધન કરી રહ્યા છે, જેમાં લોકો મૃત્યુની નજીક જઈને પાછા ફર્યા હોય અને તેમને પ્રકાશ કે શાંતિનો અનુભવ થયો હોય. છતાં, વિજ્ઞાન પાસે અત્યાર સુધી આત્માના અસ્તિત્વ કે મૃત્યુ પછીના જીવનનો કોઈ પ્રાયોગિક પુરાવો નથી. આમ, મૃત્યુ પછીનું રહસ્ય આજે પણ શ્રદ્ધા અને તર્ક વચ્ચે વણઉકેલાયેલું છે, જેમાં ધર્મ આશા આપે છે અને વિજ્ઞાન પુરાવા શોધે છે.

naranbaraiya277@gmail.com

# પુસ્તકનો મહિમા...



પુસ્તકો મનુષ્યના સાચા મિત્રો છે. ઋગ્વેદમાં કહેવામાં આવ્યું છે કે "મને ચારે દિશાઓમાંથી શુભ વિચારો પ્રાપ્ત થાઓ" પુસ્તકો પારસમણિ સમાન છે.પુસ્તકોના સત્સંગથી માનવીની વૈચારિક ક્ષમતા શ્રેષ્ઠ બને છે. અનેક આપત્તિઓ વચ્ચે નવા અવસરો નિર્માણ કરવાનું કાર્ય પુસ્તકો કરે છે. પુસ્તક પ્રિય વ્યક્તિ દુનિયાનો સુખી માણસ છે. વાંચનએ વિચારોની ઊર્જા છે. વાંચન કરવાની કૌશલ્યતા માનવીને વિષય વસ્તુને સમજાવે છે. આજે ટેકનોલોજીના યુગમાં વાંચન ધીમે ધીમે ઓછું થઈ રહ્યું છે. વાંચન કરવાથી અનેક નકારાત્મક વિચારો સકારાત્મક વિચારોમાં રૂપાંતર થાય છે.

૧૫ મી માર્ચના રોજ અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા "૨૦૨૦ રાજ્ય શ્રેષ્ઠ પારિતોષિક શિક્ષક" નામનું મારા પુસ્તકનું લોકાર્પણ થયું. તે સમયે અચલાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી અને ગુજરાતના બાહોશ કેળવણીકાર ડો. મફતભાઈ પટેલ, પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલ, રતિલાલ બોરીસાગર પર્યાવરણ સંસ્થામાં સેવાકીય પ્રવૃત્તિ કરતા શ્રી જયેશભાઈ પટેલ, શ્રી સંજયભાઈ પટેલ અને અદાણી યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પુજારા સાહેબના વરદ હસ્તે સંજોગ ન્યુઝ પેપરના કટાર લેખક ડો. વિપુલ પટેલનું પુસ્તક લોકાર્પણ થયું.આ પુસ્તક મારા ગુરુ ડો. મફતભાઈને સમર્પિત છે. નવ દાયકાથી સમાજસેવાના શિક્ષણ યાત્રાના અલગારી સારસ્વત પૂજ્ય દાદા મારા પ્રેરણા મૂર્તિ છે. તેમના ચરણમાં અર્પણ કર્યું.

સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

બાલ ગંગાધર ટિળકે કહ્યું છે કે "મને નર્કમાં પુસ્તકો મળશે તો હું ત્યાં રહેવાનું પસંદ કરીશ." આટલી બાબતો પરથી આપણે વિચારવાની જરૂર છે કે પુસ્તક વાંચનનું કેટલું મૂલ્ય છે ? દુનિયાના મહાન પુરુષો પુસ્તક વાંચનથી પરમાર્થી બન્યા છે. પુસ્તકો આપણને નવા વિચારો, નવા માર્ગો, નવી શૈલી અને જીવન જીવવાની કલા શીખવે છે. પુસ્તકોના વાંચનથી મનની એકાગ્રશક્તિ વ્યાપક બને છે. દુનિયામાં વાંચનશીલ વ્યક્તિ સુખી હોય છે.વાંચન કરવાથી બોલવાની કલા ઓટોમેટીક કેળવાય છે.વાંચન કરવાથી વૈચારિક ક્ષમતા અને આંતરિક ઊર્જા પ્રબળ બને છે.

આજે લાઈબ્રેરીઓ મૃતઃપ્રાય અવસ્થામાં છે. કડા ગામમાં ડો. મફતભાઈ પટેલે અત્યંત આધુનિક લાઈબ્રેરી બનાવી છે.ગામના વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાથી માંડીને મોટા ભાગની તૈયારી તે પુસ્તકાલયમાં બેસી કરી રહયા છે.પુસ્તકાલયમાં તમામ પુસ્તકો ઉપલબ્ધ કરી આપ્યા છે ત્યાં સુંદર ભૌતિક સગવડ હોવાથી નીરવ શાંતિમાં બાળકો તૈયારી કરે છે. અને આજે એટલા બધા બાળકો નોકરી લાગ્યા છે જે ડો. મફતભાઈ પટેલને આભારી છે. આજે કડા ગામના બાળકો નોકરી લાગે છે ત્યારે સૌ પ્રથમ પૂજ્ય દાદાના ચરણસ્પર્શ કરી રાજીપો વ્યક્ત કરે છે. આવું જ બીજું કામ ગુજરાતના પદ્મશ્રી તેજ તરાર પત્રકારત્વથી જેમની ઓળખ છે એવા પૂજ્ય દેવેન્દ્રભાઈ પટેલે આકૃંદ ગામમાં અત્યંત ભૌતિક સગવડવાળી સંદેશ લાઈબ્રેરી નિર્માણ કરી છે. એસી હોલ, કમ્પ્યુટર સાથે ડિજિટલ પુસ્તકાલય, સંદર્ભ ગ્રંથો સાથેની બધી જ વ્યવસ્થા નિર્માણ કરી આપી છે.વટેમાર્ગુને પણ તેના દર્શન કરવાનું મન થાય તેવું જ્ઞાનનાલય વતનને અર્પણ કર્યું છે. તે વિસ્તારના બાળકો પુસ્તકાલયનો ઉપયોગ કરી અને સારા નાગરિકો બની રહ્યા છે. આકૃંદ લાઈબ્રેરીનું સંવર્ધન કરતા શ્રી ઈશ્વરભાઈ પ્રજાપતિ પ્રિન્સિપલ તરીકે પ્રાથમિક શાળામાં ફરજ બજાવે છે. તેઓ પણ એક સારા લેખક અને મોટીવેશન વક્તા છે. ગુજરાતમાં આ બે બાહોશ વ્યક્તિઓએ પુસ્તકાલયની જ્યોત પ્રગટાવી પોતાના વતનનું ઋણ ચૂકવી દીધું છે. પુસ્તકાલયના કારણે લોકોની વાંચન ક્ષમતા વધે છે. બિનજરૂરી રખડી ખાવું, સમય પસાર કરવો તેના કરતાં વાંચન કરવું તે આગળ પડે છે.

સયાજીરાવ ગાયકવાડ સરકારમાં દરેક ગામમાં પુસ્તકાલય હતું. આજે સરકારે બજેટ વધારીને દરેક ગામમાં લાઈબ્રેરી શરૂ કરવાની જરૂર છે. જેથી આવનાર પેઢી વાંચન તરફ વળે તે આજના સમયની માગ છે. બધું જ ડિજિટલ અને એ.આઈ કરશે તો તમે શું કરશો? આ બધી બાબતો આજના યુગમાં બાળકોને શીખવવાની જરૂર છે. આજે ઘરે પણ શિક્ષિત વ્યક્તિઓ વાંચતા નથી અને પોતાના બાળકોને પ્રેરણા આપે છે કે વાંચવા બેસો. તમારાથી શરૂઆત કરો ને તો તેઓ તેનું અનુકરણ કરશે. આજે વાંચન પર્વ દિવાળી પર્વ કરતા ઊંચો પર્વ છે. સરસ્વતીની સાધનાએ સર્વશ્રેષ્ઠ છે. જે લોકો વાંચન તરફ વળ્યા છે તેઓ પ્રગતિ તરફ છે. વાંચન, લેખન અને ગણન આ ત્રણ બાબત ત્રિદેવ જેવો છે. બાળકો સાથે કામ કરતા શિક્ષક મિત્રોએ પણ દરરોજ વાંચન કરવું જોઈએ. રિસેસમાં એ અન્ય પરિયડમાં આપના હાથમાં પુસ્તક હશે તો બાળકને પ્રેરણા મળશે. પુસ્તકોના સત્સંગથી લાઈબ્રેરીના જે પુસ્તકો છે તેમને બહાર આવવાની તક મળશે. દરરોજ તમારા ઓશિકાના નીચે પુસ્તક વાંચનની ટેવ હશે તો નિંદ્રા સારી આવશે. બિનજરૂરી વિચારો અને તનાવ ભાગી જશે. પોઝિટિવ વાંચન તમને આંતરિક રીતે મજબૂત બનાવશે. જે લોકો લખે છે, તે વાંચે છે.જે વાંચે છે તે સારું લખી શકે છે તે સ્પષ્ટ છે. સૌ મારા વાચક મિત્રોને વાંચન કરવાની શુભકામનાઓ. ગમે તેટલા યુધ્ધ થશે પરંતુ એક વખત માણસમાં વાંચન યુધ્ધ ચાલુ થઈ ગયું એટલે સમજી લેવાનું કે તમે નિજાનંદ તરફ જઈ રહ્યા છો. ■

Mo.9825702282

# બાળકોના ઋતુ અનુસાર કપડાં પસંદ કરવા



બાળકોની ત્વચા ખૂબજ સંવેદનશીલ હોય છે, તેથી બદલાતી ઋતુઓ સાથે તેમના કપડાંની પસંદગીમાં ફેરફાર કરવો જરૂરી છે. અહી ઋતુ પ્રમાણે બાળકો માટે કેવા કપડાં પસંદ કરવા તેની સમજૂતી આપી છે:

૧. ઉનાળો (Summer)

ઉનાળામાં ગરમી અને પરસેવાને કારણે બાળકોને અકળામણ ન થાય તેવા કપડાં પહેરાવવા જોઈએ.

કાપડ: હંમેશા સુતરાઉ (Cotton) કાપડ જ પસંદ કરો. તે પરસેવો શોષી લે છે અને હવાને અવરજવર કરવા દે છે.

રંગ: આછા અને સૌમ્ય રંગો (જેમ કે સફેદ, આછો વાદળી, પીળો) પસંદ કરો, કારણ કે તે ગરમીને પરાવર્તિત કરે છે.

સ્ટાઈલ: ઢીલા અને આરામદાયક કપડાં પહેરાવો. જો બાળક નાનું હોય તો 'ઝભલા' સૌથી ઉત્તમ છે.

ટીપ: તડકામાં બહાર જતી વખતે માથા પર કોટનની ટોપી જરૂર પહેરાવો.

૨. ચોમાસું (Monsoon) :- ચોમાસામાં ભેજ અને ઠંડકનું મિશ્રણ હોય છે, સાથે જ કપડાં સુકાવામાં પણ વાર લાગે છે.

કાપડ: એવું કાપડ પસંદ કરો જે ઝડપથી સુકાઈ જાય. થોડું મિશ્રિત (Blend) કાપડ આ ઋતુમાં ચાલે.

લંબાઈ: બાળકોને પૂરા બાયના (Full sleeves) કપડાં પહેરાવવા જોઈએ જેથી મચ્છરોથી રક્ષણ મળે.

સ્વચ્છતા: ભીના થયેલા કપડાં તરત બદલી નાખો, નહીંતર બાળકને શરદી કે સ્કીન ઈન્ફેક્શન થઈ શકે છે.

ટીપ: બહાર જતી વખતે હળવું રેઈનકોટ અને વોટરપ્રૂફ શૂઝનો ઉપયોગ કરો.

૩. શિયાળો (Winter) :- શિયાળામાં બાળકોને ઠંડીથી બચાવવા લેયરિંગ (એક પર એક કપડાં) સૌથી વધુ અસરકારક છે.

લેયરિંગ (Layering): અંદરના ભાગમાં સુતરાઉ કપડાં પહેરાવો અને તેની ઉપર ગરમ સ્વેટર કે જેકેટ પહેરાવો.

રક્ષણ: કાન માટે ટોપી (Beanie), હાથમાં મોજાં અને પગમાં ગરમ મોજાં (Socks) અવશ્ય પહેરાવો.

રાત્રિના સમયે: બાળકોને રાત્રે વુલન નાઈટ સૂટ અથવા ગરમ પાયજામા પહેરાવી શકાય.

ટીપ: બહુ ભારે વજનદાર સ્વેટરને બદલે હળવા પણ ગરમ હોય તેવા કપડાં વધુ સારા રહે છે જેથી બાળક હલનચલન કરી શકે.

સામાન્ય ટિપ્સ:

નવા કપડાં: નવા ખરીદેલા કપડાં બાળકને પહેરાવતા પહેલા એકવાર ધોઈ લેવા જોઈએ જેથી કેમિકલ્સ કે ધૂળ નીકળી જાય.

ઈલાસ્ટિક: ધ્યાન રાખો કે પેન્ટ કે પાયજામાનું ઈલાસ્ટિક બહુ ટાઈટ ન હોય.

ઝીપર અને બટન: નાના બાળકોના કપડામાં બહુ મોટા બટન કે ચેઈન ન હોય જે તેમને વાગી શકે.

ચોક્કસ, બાળકની ઉંમર અને ઉછેરના તબક્કા મુજબ ઋતુ પ્રમાણેના કપડાંની યાદી નીચે મુજબ છે:

૧. નવજાત શિશુ (૦ થી ૧ વર્ષ)

આ ઉંમરે આરામ અને ત્વચાની સુરક્ષા સૌથી મહત્વની છે.

ઉનાળો: સુતરાઉ ઝભલા (Jablas), વન-પીસ રોમ્પર્સ (Rompers) અને સુતરાઉ ડાયપર/લંગોટ. બહાર જતી વખતે હળવી ટોપી.

શિયાળો: ફુલ સ્લીવના સુતરાઉ કપડાંની ઉપર વુલન બોડી સૂટ, હાથ-પગના મોજાં અને ગરમ ટોપી. રાત્રે સૂવા માટે 'સ્લીપિંગ સેક' (Sleeping sack) સુરક્ષિત રહે છે.

ચોમાસું: કોટનના ફુલ કપડાં અને પગમાં મોજાં જેથી ઠંડક ન લાગે.

૨. ટોડલર્સ (૧ થી ૩ વર્ષ)

આ ઉંમરે બાળકો ચાલતા અને રમતા શીખે છે, તેથી કપડાં ટકાઉ અને લવચીક હોવા જોઈએ.

ઉનાળો: સુતરાઉ ટી-શર્ટ અને શોર્ટ્સ, સુતરાઉ ફ્રોક. સૂર્યથી રક્ષણ માટે પહોળી કિનારી વાળી ટોપી (Sun hat).

શિયાળો: થર્મલ ઈનરવેર (અંદરના ગરમ કપડાં), તેની ઉપર ટી-શર્ટ અને સ્વેટર અથવા હૂડી (Hoodie). જીન્સ કે ગરમ પેન્ટ.

ચોમાસું: હાફ પેન્ટ અથવા ઘૂંટણ સુધીના કપડાં જેથી તે નીચેથી ગંદા ન થાય. પ્લાસ્ટિકના રેઈનકોટ અને ગમબૂટ (Gum boots).

૩. સ્કૂલ જતાં બાળકો (૩ થી ૧૦ વર્ષ)

આ ઉંમરે બાળકોની પોતાની પસંદગી અને શારીરિક પ્રવૃત્તિઓ વધી જાય છે.

ઉનાળો: હળવા રંગના સુતરાઉ કપડાં, સ્પોર્ટ્સ ટી-શર્ટ, લેગિંગ્સ અથવા લૂઝ ટ્રાઉઝર્સ. શિફોન કે મલમલના કપડાં પણ સારા રહે છે.

શિયાળો: લેયરિંગ પદ્ધતિ અપનાવો: ૧. ઈનરવેર, ૨. શર્ટ/ટી-શર્ટ, ૩. જેકેટ કે કોટ. ગરદન માટે સ્કાર્ફ (Scarf).

ચોમાસું: વોટર-રેઝિસ્ટન્ટ જેકેટ્સ, ઝડપથી સુકાઈ થઈ જાય તેવું નાયલોન કે મિશ્રિત કાપડ. મચ્છરોથી બચવા માટે આખા શરીરને ઢાંકે તેવા કપડાં.




વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

ખાસ નોંધ: પગરખાં: ઉનાળામાં સેન્ડલ, શિયાળામાં બૂટ અને મોજાં, અને ચોમાસામાં ફ્લોટર્સ કે રબરના ચંપલ વાપરો.

રાત્રિના કપડાં: દરેક ઋતુમાં રાત્રે બાળકોને આરામદાયક કોટન પાઈજામા પહેરાવવા સૌથી ઉત્તમ છે, માત્ર ઠંડી મુજબ તેની જાડાઈ બદલો. ■

hemangidmehta@gmail.com

# સગા સંબંધીઓને ફોન નથી કર્યા એટલાં આ લોકોને ફોન કર્યા છે



ગામમાંથી આવતી વખતે બકાએ હાંભળેલુ કે ગામની નિહાળના માસ્તરો બઉં હારા, બઉં હારા.

એટલે બકાને થયું લાવને જરા પરીક્ષા લઉં. બકાએ છોકરાંને બોલાવીને કહ્યું.

'બટા..આ, આ ઈરાન અને અફઘાનિસ્તાન યુધ્ધ લડે છે. અને આપણાંથી તો બહું દૂર છે. છતાંય આપણાં ઘરમાં હાણચી અને વેલણ કેમ ઉડતા હશે? અને આ બેયની વચ્ચે ઓલ્યા અમેરિકાને મેથી મારવાની હું જરૂર હશે?'

'બાપા ! તમને સીધો જવાબ આપું? '

'તો..તો મારો દીકો ડાયો. બોલને મીની બકા.'

'તમે ઓસરીમાં આખો દિવસ મોબાઈલ મચડયા કરો છો ને !! એટલે રહોડાંમા હાણચીને વેલણ ઉડે છે.

ગેસનો બાટલો લખાવવો ૨૧ દિવસમાંથી ૨૫ દિવસ થઈ ગયાં તમને ખબર પડી!??'

બકાને જવાબ હમજાયો નહીં. એ સીધો ઉપડ્યો બોસ પાંહે.બોસ અને બનેવીલાલ છાપું વાંચી રહ્યા હતાં.

'બોસ બોસ, ગામમાં નિહાળના માસ્તરોના વખાણ થાય છે ખરાં. પણ, ભણાવવામાં હાવ મીંડું લાગે છે. આપણે જઈને તપાહ કરવી પડહે.'

નિહાળે આવીને જોયું તો કોઈ ભણાવતુ હોય એવું નો લાગ્યું. નિહાળની દિવાલે કાન દીધાં. અને વાતચીત હાંભળી.

હેડ માસ્તર બોલી રહ્યાં હતાં.

'જૂઓ માસ્તર! તમારે આપણી નિશાળની આજુબાજુમાં પાન,માવા, ગુટખા અને તંબાકુ વેચતાં વેપારીને પકડીને દંડ કરવાનો છે. આ સરકારનો નવો પરિપત્ર છે.

અને તમે.. હા..હા..તમે.! તમારે ગામમાં જઈને કૂતરાં ગણવાના છે.

અને..તમે...'

માસ્તરે હામે જ કહ્યું.

'હવે કોઈ જ નથી સાહેબ! આખી નિશાળમાં હું તું ને રતનિયો જેવો ઘાટ છે. અને અમે બેઉં આ સરકારનાં પરિપત્ર પ્રમાણે કામ કરીશું તો ગામનાં છોકરાંઓને ભણાવશે કોણ?'

'હું.. હું , ભણાવીશ. કેમ? હું માસ્તર નથી??'

'તમે હેડ માસ્તર છો ને!! એટલે. (તમે આજ સુધી ગામને કેટલું અને કેવું ભણાવ્યું છે ઈ આખાં ગામને ખબર છે.) આવું કહેવાનું મન થયું પણ માસ્તર મનોમન જ બોલ્યાં. '

'હવે તમે જાવ છો કે ઊભાં ઊભાં વિચાર જ કરશો!?'

'ઈ તો..ઈ તો.., '

'શું ઈ તો.. ઈ તો.., મોઢામાંથી ભહશો ??'

'ગામમાં વાતું થાય છે કે, માસ્તરો નિશાળમાં ભણાવતાં નથી. અને..અને.. વધારામાં ગામે અને છોકરાંઓનાં મા બાપે આપણાં ભરોસે સરકારી નિહાળમા ભણવા મૂક્યાં છે. નહીંતર બાજુંનાં ગામની પ્રાઈવેટ સ્કૂલમાં નો ભણાવે!??'

અને.. હેડ માસ્તરનો ખીલો ચટકયો.

'આ અને..અને.. એટલે શું ? તમારે આ..આ.. છોકરાઓનેનાં મા બાપ બનવું છે એમ!!? છોકરીઓનાં બાપ તમે છો એમ !!?'

બન્ને માસ્તરો હાથેકની જીભ કાઢી ગયાં.

'હં..હં..અ. સાહેબ! હં..અ. આવું ન બોલો. અમારે ય ઘરે છોકરાઓ છે. અને અમારાં બૈરાને કેવું લાગે? વધારામાં કઉં તો દિવાલોને ય કાન હોય છે.

આપણે ભલે ઘરે કચરાં પોતાં કરી લેતાં હોઈએ. પણ એ ઘરની વાત ઘરની ચાર દીવાલોમાં હોય છે. જાહેરમાં આવે તો કેવું લાગે? '

'હવે તમે લેક્ચર જ આપશો કે, કૂતરાં ગણવા જાશો ? મારે ઉપર જવાબ આપવાનો હોય છે.'

'જો સાહેબ! અમારે નહોતું કરવું તોય સરકારે SIR નું કામ આપ્યું ને? પરાણે તો પરાણે પણ રાત દિવસ એક કરીને, લગ્ન અને વહેવારો છોડીને ય અમે કામ પુરુ કર્યું ને !! રાજકારણીઓને મત જોઈતાં હોય છતાંય જેટલાં ઘરે એ નથી ગયાં એનાં કરતાં ય વધારે ઘરોમાં અમે ગયાં છીએ. અને વારંવાર ગયાં છીએ.

સગા સંબંધીઓને ફોન નથી કર્યા એટલાં આ લોકોને ફોન કર્યા છે. આમ કરીને હજી માંડ માંડ નવરાં પડ્યાં છીએ. ત્યાં દસમા અને બારમાની પરીક્ષા આવી.

એમાં 'ય અમારે તો નહોતું જ જાવું. પણ, તમે છોકરાઓના ભણતરનાં ભોગે અમને મોકલીને ભણતરની બલી ચડાવી. અને..કેવી કેવી વાતો થાય છે. અને.. અને..'

'શું સવારનાં અને..અને.. લાગી પડ્યાં છો. આ અને છે શું? અને શાની વાતો થાય છે?'

'જવા દો ને સાહેબ! પડય પાણા પગ ઉપર જેવું થશે.'

'એટલે હું કાંઈ હમજયો નહીં.'



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

'તમને નહીં હમજાય સાહેબ! તમે એસ. ટાટ પાસ કરીને આવ્યાં છો ને !!'

'એટલે તમે કેવાં શું માંગો છો? એસ.ટાટ વાળા માત્ર ભણ્યાં જ હોય, ગણ્યાં ના હોય એમ!!?'

'ના..આ. સાહેબ! અમારાંથી એવું થોડું કહેવાય! અને અમે કદાચ! કહીએ તો 'ય તમે હેડ માસ્તર થોડાં જ મટી જાવાના છો!??'

'પણ વાત શું છે? તમે વેપારીઓને દંડ કરવાથી ભાગી કેમ રહ્યાં છો? વેપારીઓથી એટલાં બધાં બીવો છો કેમ?'

'સાહેબ! પછી આપણાં હંધાયનો માવો લેવાં છોકરાઓ જાશે ક્યાં!??'

'હાળુ ઈ તો યાદ જ નો આવ્યું!! પણ, ઓલ્યુ અને..અને.. શું છે? ઈ તો કહો.'.. અને આ ત્રણેય ત્રિપુટીએ પ્રવેશ કર્યો.

બનેવીલાલ ભારે ઉતાવળા એમણે તરત જ કહ્યું.


'હેડ માસ્તર! ઈ માસ્તરો નહીં બોલી હકે. હું કહું, તમે તમાકું ગુટખા વેચતાં વેપારીને પકડીને દંડ તો કરશો.

પણ નિહાળમાં દારૂની બોટલ લયને આવનાર મોરબીના આદરણા ગામનાં રાજુ માસ્તરને તમે શું સજા કરશો? બીજાં રિસેશમા ટલ્લી થઈ જનાર માસ્તરનો તમે ઉપર રિપોર્ટ કરશો??

હેડ માસ્તરે સરકારી પરિપત્રો જલ્દી જલ્દી થેલીમાં મૂકી દીધાં. ■

kalubhaibhad123@gmail.com

# ચાલો ભારતના રેલવે સ્ટેશનોની સફરે



ભારતમાં રેલવેની શરૂઆત ૧૮૫૩માં થઈ ત્યારથી ભારતીય પરિવહન વ્યવસ્થામાં નવી ક્રાંતિ આવી ગઈ હતી.ભારતીય રેલ્વેએ મધ્યમ વર્ગના લોકો માટે મુસાફરી સરળ બનાવવા સાથે ભારતમાં વેપારને પણ પ્રોત્સાહન આપ્યું. એ સાથે દેશના સૌથી જૂના રેલવે સ્ટેશનોનો ઈતિહાસ પણ શરૂ થયો. આ સ્ટેશનોમાં સમય સાથે ઘણાં ફેરફાર આવ્યા છે. આ રેલવે સ્ટેશનો ભારતીય સંસ્કૃતિનો એક મહત્ત્વપૂર્ણ ભાગ બની રહ્યાં છે. વર્તમાન સમયમાં ભારતીય રેલમાં રોજના લાખો મુસાફરો મુસાફરી કરે છે. જાણીએ ભારતના જૂનાં અને ઐતિહાસિક રેલવે સ્ટેશનોને..

(૧) હાવડા જંક્શન, કોલકાતા

હાવડા જંક્શન રેલવે સ્ટેશન ભારતની ઐતિહાસિક, સાંસ્કૃતિક અને આર્થિક વારસાનું પ્રતીક ગણાય છે. ભારતમાં સૌથી જૂના અને સૌથી વ્યસ્ત રેલવે સ્ટેશનોમાંનું એક આ સ્ટેશન પશ્ચિમ બંગાળ રાજ્યના કોલકોતામાં આવેલું છે. ૧૮૫૪માં આ રેલવે સ્ટેશનની સ્થાપના કરવામાં આવી હતી. ભારતમાં સૌથી વધુમાં વધુ ૨૩ જેટલાં પ્લેટફોર્મ ધરાવતું આ સૌથી મોટુ રેલવે સ્ટેશન છે.અહીંથી પહેલી યાત્રા ૨૪ માઈલ લાંબી હાવડાથી હૂગલી સુધીની હતી. હાવડા જંક્શનનું બાંધકામ બ્રિટિશ શાસન દરમિયાન કરવામાં આવ્યું હતું. એની ડિઝાઈનમાં ક્લાસિકલ યુરોપિયન આર્કિટેક્ચરનો ટચ જોવા મળે છે. સ્ટેશનની ઈમારત ખૂબ વિશાળ છે. આ સ્ટેશનનું પ્લેટફોર્મ ૨૩ જે ભારતનું સૌથી લાંબું પ્લેટફોર્મ ગણાય છે, જ્યાં ૨૪ કોચની ટ્રેન સરળતાથી ઊભી રહી શકે છે. વિશાળ ઈમારત અને ઐતિહાસિક ડિઝાઈનને કારણે એ પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર છે. ઉપરાંત એશિયાના સૌથી મોટા કેન્ટીલીવર બ્રિજમાંનું એક છે.

(૨) આગ્રા ફોર્ટ રેલવે સ્ટેશન, આગ્રા

આગ્રા ફોર્ટ રેલવે સ્ટેશન એ ઉત્તર પ્રદેશના આગ્રામાં આવેલું એક ઐતિહાસિક રેલવે સ્ટેશન છે. આ સ્ટેશનનું નામ આગ્રા ફોર્ટ, એક વિશ્વ પ્રસિદ્ધ સ્મારક પરથી મળ્યું છે. બ્રિટિશ શાસન દરમિયાન ૧૮૭૪માં આ રેલવે સ્ટેશનનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આગ્રા ફોર્ટ સ્ટેશનનો ઉપયોગ ગ્રેટ ઈન્ડિયન પેનિન્સ્યુલા રેલવે અને રાજપૂતાના-માલવા રેલવે કંપનીઓ દ્વારા કરાતો હતો. આ સ્ટેશન બ્રિટિશ શાસનના સમયની ઐતિહાસિક ઈમારતોમાંની એક છે, એની ડિઝાઈનમાં બ્રિટિશ આર્કિટેક્ચરની સ્પષ્ટ અસર જોવા મળે છે. ઈટાલિયન શૈલીના બાંધકામને કારણે આજે પણ એક ઐતિહાસિક ઈમારત ગણાય છે. ઈમારતની ડિઝાઈન અને આર્કિટેક્ચર, તેને આગ્રાના ઐતિહાસિક વારસામાં સામેલ કરે છે. આ સ્ટેશનની ઈમારતને ઐતિહાસિક સ્મારક તરીકે માન્યતા મળી છે. જ્યારે બ્રિટિશ શાસન ચાલતું હતું, ત્યારે આ સ્ટેશનનો ઉપયોગ વાઈસરૉય અને બ્રિટિશ અધિકારીઓની ખાસ ટ્રેનોની અવરજવર માટે કરાતો હતો.

(૩) ઓલ્ડ દિલ્હી રેલવે સ્ટેશન, દિલ્હી

૧૮૬૪માં બનેલું જૂનું દિલ્હી રેલવે સ્ટેશન, દિલ્હીનું સૌથી જૂનું સ્ટેશન છે. ૧૯૦૩માં એનું નવીનીકરણ કરવામાં આવ્યુ હતું, જો કે એની ઐતિહાસિક ઝાંખીને સાચવી રખાઈ છે. ભારતના વ્યસ્ત સ્ટેશનોમાંનું એક મહત્ત્વનું સ્ટેશન ગણાય છે. અહીંથી રોજ લાખો મુસાફરો મુસાફરી કરે છે. જૂનું દિલ્હી સ્ટેશન ચાંદની ચોકમાં આવેલું છે અને ભારતીય સ્વતંત્રતાના પ્રતિક સમા લાલ કિલ્લાની નજીકમાં આવેલું છે.

(૪) રોયાપુરમ રેલવે સ્ટેશન, તમિલનાડુ

રોયાપુરમ રેલવે સ્ટેશન એ ભારતના રેલવે ઈતિહાસનું એક મહત્વનું સ્મારક છે. એના લાંબા ઈતિહાસ અને ઐતિહાસિક બાંધકામને કારણે, એ પ્રવાસીઓ અને ઐતિહાસિક સંગ્રાહકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. ૨૮ જૂન ૧૮૫૬ના રોજ, એ સમયના મદ્રાસ પ્રેસિડેન્સીના ગવર્નર લોર્ડ હૅરિસ દ્વારા રોયાપુરમ રેલવે સ્ટેશનનું ઉદઘાટન કર્યું હતુ. રોયાપુરમથી પહેલી ટ્રેન ચેન્નાઈ (ત્યારે મદ્રાસ) થી આર્કોટ (વેલોર જિલ્લો) સુધી દોડાવી હતી.તમિલનાડુના સૌથી જૂના રેલવે સ્ટેશનોમાંનું એક છે, સાથે જ દક્ષિણ ભારતમાં રેલ મુસાફરીની શરૂઆત માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર હતું. રોયાપુરમ રેલવે સ્ટેશનની ઈમારતને બ્રિટિશ કોલોનીયલ શૈલીમાં બાંધવામાં આવી હતી. વિશાળ દરવાજા, આર્કડ ઈમારત, અને રોમન કૉલમ જેવા આર્કિટેક્ચરલ એની ઐતિહાસિક ભવ્યતા દર્શાવે છે. ૨૧મી સદીમાં, આ સ્ટેશનનું રિનોવેશન કરાયું હતું, પરંતુ એની મૂળ વાસ્તુકળાને જાળવી રખાઈ છે. જેથી અહીં આવતા મુસાફરો માટે આ સ્ટેશન આજે પણ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે.



પ્રવાસનામા
જયસ્વી પટેલ

(૫) છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, મુંબઈ

મુંબઈમાં આવેલું છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ ભારતનું સૌથી જૂનું અને ઐતિહાસિક રેલવે સ્ટેશન ગણાય છે. જે પહેલા બોરીબંદર રેલવે સ્ટેશનના નામે ઓળખાતું હતું. જેનું ઉદઘાટન ૧૮૫૩માં કરવામાં આવ્યું હતું. ૧૬ એપ્રિલ ૧૮૫૩ના દિને બોરીબંદરથી થાણેની દેશની પ્રથમ ટ્રેન આ રેલવે સ્ટેશનેથી ઉપડી હતી. ૧૪ ડબ્બાવાળી આ ટ્રેને લગભગ ૪૦૦ યાત્રી સાથે ૩૪ કિલોમીટરની સફર કરી હતી, જેણે ભારતના રેલવે ઈતિહાસની શરૂઆત કરી. ૧૮૮૭માં બોરીબંદરનું નવું સ્ટેશન બંધાયું, જેને વિક્ટોરિયા ટર્મિનસ (ફ) નામ આપવામાં આવ્યું, જે બાદ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસના નામે ઓળખાયું.આ રેલવે સ્ટેશનનું આર્કિટેક્ચર વિક્ટોરિયન ગૉથિક શૈલીનું હોઈ, યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકેની માન્યતા મેળવી ચૂક્યું છે.

(૬) વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી જંકશન, ઝાંસી

વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી જંકશન, જે અગાઉ ઝાંસી જંકશન રેલવે સ્ટેશનના નામે ઓળખાતું હતું, એ ૧૮૮૦ના દાયકાના અંત ભાગમાં નિર્માણ પામ્યું હતું. બુંદેલખંડ ક્ષેત્રનું આ સૌથી જૂનું રેલવે સ્ટેશન છે. આ સ્ટેશનનું ઐતિહાસિક મહત્વ છે કારણ કે એ ઝાંસી અને એની આસપાસના વિસ્તારોને રેલવે નેટવર્ક સાથે જોડતું મુખ્ય હબ રહ્યું છે.

■ sanjogpurti@gmail.com

# ચાંદામામા ઓનલાઈન



એક સમયની વાત છે. પૃથ્વી પર બધાં બાળકો ઘરે બેસીને મોબાઈલ અને લેપટોપ પર ભણતાં અને શીખતાં હતાં. આ જોઈને આકાશમાં બેઠેલા ચાંદામામાને પણ વિચાર આવ્યો કે, 'અરે! બધાં બાળકો ટૅકનોલોજીની મદદથી ઓનલાઈન ભણે અને શીખે છે, તો મારે પણ કંઈક નવું કરવું જોઈએ!'

ચાંદામામાએ તરત જ આકાશમાં રહેલા તારાઓની મદદ લીધી અને એક મોટો 'સ્ટાર-ફોન' ખરીદ્યો. પછી તો શું? ચાંદામામાએ પોતાનું નામ રાખ્યું - 'ચંદુ ટયૂટર.' એમણે પોતાની એક ચેનલ પણ બનાવી!

એક રાત્રે જ્યારે બધાં બાળકો સૂવાની તૈયારી કરતાં હતાં, ત્યારે અચાનક બધાના મોબાઈલમાં નોટિફિકેશન આવ્યું: 'ચાંદામામા ઈઝ લાઈવ!' બાળકો તો રાજીનાં રેડ થઈ ગયાં! ટીકુ, પિંકુ અને મનુએ ફટાફટ લેપટોપ ખોલ્યું. સ્ક્રીન પર ચાંદામામા દેખાયા. પણ આ શું? ચાંદામામાએ તો મોટાં ચશ્મા પહેર્યાં હતાં અને હેડફોન લગાવીને બેઠા હતા!



રે વાર્તા!
મનીષ સુથાર

ચાંદામામા બોલ્યા, 'હેલો બાળકો! આજે આપણે વાર્તા નહીં સાંભળીએ, આજે આપણે 'ડિજિટલ અંતાક્ષરી' રમીશું!' ચાંદામામા હજુ તો બોલવાનું શરૂ જ કરે છે ત્યાં તો એમનું નેટવર્ક ચોંટવા લાગ્યું. ચાંદામામાનો ચહેરો સ્ક્રીન પર અટકી ગયો. ટીકુ હસતાં હસતાં બોલ્યો, 'મમ્મી જો તો ખરી! ચાંદામામા તો સ્ટેચ્યૂ થઈ ગયા!'

થોડી વાર પછી ચાંદામામા પાછા આવ્યા અને બોલ્યા, 'અરે ભાઈ, આ વાદળ વચ્ચે આવી ગયું હતું એટલે વાઈ-ફાઈ (Wi-Fi) કપાઈ ગયું! ચાલો, હવે આપણે ગીત ગાઈએ.' તારાઓ પાછળથી ગિટાર વગાડવા લાગ્યા. પણ ચાંદામામા એટલા જોરથી ગાતા હતા કે આખા આકાશમાં ગડગડાટ થવા લાગ્યો. પિંકુએ મેસેજ કર્યો, 'ચાંદામામા, તમારો અવાજ બહુ મોટો છે, મમ્મી ખીજાશે!'

વાર્તાના અંતે ચાંદામામાએ કહ્યું, 'બાળકો, ચાલો આપણે એક 'ગ્રુપ સેલ્ફી' લઈએ!' બધાં બાળકોએ પોતાના મોબાઈલ સામે સ્માઈલ કરી. ચાંદામામાએ આકાશમાંથી એક મોટો ફ્લેશ પાડ્યો. આખા ગામમાં અજવાળું-અજવાળું થઈ ગયું! પણ ખરેખર તો એ વીજળી થઈ હતી. ચાંદામામા બોલ્યા, 'અરેરે! મેં તો ભૂલથી 'લાઈટીંગ મોડ' ચાલુ કરી દીધો!'

રાત ઘણી થઈ ગઈ હતી. ચાંદામામાના મમ્મીએ બૂમ પાડી, 'ચંદુ! હવે મોબાઈલ મૂકી દે અને સૂઈ જા, સવારે સૂરજદાદાને આવવાનો સમય થઈ જશે!'

ચાંદામામાએ ઉતાવળમાં કહ્યું, 'ઓકે બાળકો, ટાટા! બાય-બાય! કાલે ફરી મળીશું. લાઈક, શેર અને સબસ્ક્રાઈબ કરવાનું ભૂલતા નહીં!' બાળકો હસતા હસતા સૂઈ ગયાં. ■

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# રાજ્યસભા ચૂંટણી ૨૦૨૬ : એનડીએનો દબદબો, ૩૭માંથી ૨૪ બેઠકો જીતીને ઉપલા ગૃહમાં પકડ મજબૂત કરી

નવી દિલ્હી, તા.૧૭

દેશના ૧૦ રાજ્યોની ખાલી પડેલી રાજ્યસભાની ૩૭ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના એનડીએ ગઠબંધને શાનદાર પ્રદર્શન કર્યું છે. કુલ ૩૭ બેઠકોમાંથી ૨૪ બેઠકો જીતીને એનડીએ રાજ્યસભામાં વધુ શક્તિશાળી બન્યું છે, જ્યારે વિપક્ષી ગઠબંધન અને અન્ય પક્ષોના ફાળે માત્ર ૧૩ બેઠકો આવી છે. એપ્રિલમાં ખાલી થનારી આ બેઠકો




પૈકી ૨૬ બેઠકો પર ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હતા, જ્યારે બાકીની ૧૧ બેઠકો માટે બિહાર, ઓડિશા અને હરિયાણામાં મતદાન યોજાયું હતું. બિહારમાં એનડીએએ તમામ ૫ બેઠકો પર વિજય મેળવી વિપક્ષને મોટો ફટકો આપ્યો છે. આ જીત સાથે રાજ્યસભામાં એનડીએના સભ્યોની સંખ્યા વધીને ૧૪૧ થઈ ગઈ છે, જેમાં એકલા ભાજપના ૧૦૬ સભ્યો છે. બીજી તરફ, ઈન્ડિયા ગઠબંધન પાસે હવે ૭૫ સભ્યોનું સંખ્યાબળ રહ્યું છે. મહારાષ્ટ્ર, બિહાર અને આસામ જેવા રાજ્યોમાં ભાજપ અને તેના સાથી પક્ષોનું વર્ચસ્વ જોવા મળ્યું હતું. રાજ્યસભામાં બહુમતી માટે જરૂરી ૧૨૩ના આંકડાને એનડીએએ આસાનીથી વટાવી દીધો છે, જે આગામી સમયમાં મહત્વના બિલ પસાર કરવા માટે સરકાર માટે ફાયદાકારક સાબિત થશે.

# રાજુલા સહિત જિલ્લામાં આજથી ત્રણ દિવસ આંગણવાડી કર્મચારીઓ કામનો બહિષ્કાર કરશે

રાજુલા,તા.૧૭

રાજુલામાં આંગણવાડી કર્મચારીઓ અને હેલ્પરો દ્વારા પોતાની પડતર માંગણીઓને લઈને સરકાર સામે આક્રમક મિજાજ સાથે અવાજ ઉઠાવવામાં આવ્યો છે. ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા જાહેર કરવામાં આવેલી નોટિસ અનુસાર, આગામી ૧૮ થી ૨૦ માર્ચ દરમિયાન તમામ કર્મચારીઓ કામગીરીનો


તસવીર : ગોપાલ રાઠોડ

બહિષ્કાર કરશે. સંગઠનનો આરોપ છે કે ૨૦૧૮ પછીના કામના ભથ્થા અને ૨૦૨૨ના લાભો હજુ સુધી મળ્યા નથી. આ ઉપરાંત નિવૃત્તિ વય મર્યાદા ૬૦ વર્ષ કરવાની અને હેલ્પરોને પણ પેન્શન આપવાની પ્રબળ માંગ કરવામાં આવી છે. ડિજિટલ કામગીરી માટે જૂના થઈ ગયેલા મોબાઈલ બદલી નવા સાધનો આપવાની બાબત પણ અત્યંત અનિવાર્ય બની છે. વારંવાર રજૂઆતો છતાં સરકાર દ્વારા કોઈ સકારાત્મક ઉકેલ ન આવતા કર્મચારીઓમાં ભારે રોષ છે. જો માંગણીઓ નહીં સંતોષાય તો આગામી સમયમાં આંદોલન વધુ તેજ કરવાની ચીમકી અપાઈ છે.

## મહારાષ્ટ્રમાં 'ધર્મ સ્વતંત્રતા બિલ ૨૦૨૬' પસાર

મુંબઈ, તા.૧૭


મહારાષ્ટ્ર વિધાનસભાએ સોમવારે મોડી રાત્રે 'ધર્મ સ્વતંત્રતા બિલ ૨૦૨૬' પસાર કર્યું છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સ્પષ્ટતા કરી છે કે આ કાયદો કોઈ ચોક્કસ ધર્મ વિરુદ્ધ નથી, પરંતુ છેતરપિંડી, પ્રલોભન કે બળજબરીથી થતા ધર્માંતરણને અટકાવવા માટે છે. આ બિલ હેઠળ લગ્નના બહાને ધર્મ પરિવર્તન કરાવનારને ૭ વર્ષની જેલ અને ૧ લાખ રૂપિયાના દંડની જોગવાઈ છે. જો ભોગ બનનાર સગીર કે મહિલા હોય તો દંડની રકમ ૫ લાખ સુધી હોઈ શકે છે. આ કાયદા મુજબ, સ્વેચ્છાએ ધર્મ પરિવર્તન કરનારે જિલ્લા મેજિસ્ટ્રેટને ૬૦ દિવસ અગાઉ નોટિસ આપવી પડશે.

શિવસેના (UBT) એ આ બિલને ટેકો આપ્યો છે, જ્યારે કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીએ તેનો વિરોધ કર્યો છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે આ કાયદો મહિલાઓની સુરક્ષા અને બંધારણીય અધિકારોના રક્ષણ માટે અનિવાર્ય છે. હવે આ બિલને મંજૂરી માટે વિધાન પરિષદમાં મોકલવામાં આવ્યું છે.

# સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક નિર્ણય : દત્તક લેતી માતાઓને બાળકની ઉંમરના ભેદભાવ વગર મળશે પ્રસૂતિ રજા

નવી દિલ્હી, તા.૧૭

સુપ્રીમ કોર્ટે દત્તક લેતી માતાઓના અધિકારોમાં વધારો કરતો એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે દત્તક લેતી માતાઓને પણ જૈવિક માતાઓની જેમ જ ૧૨ અઠવાડિયાની પ્રસૂતિ રજા મેળવવાનો સમાન અધિકાર છે. અગાઉના કાયદા મુજબ માત્ર ત્રણ મહિનાથી નાની ઉંમરના બાળકને દત્તક લેનાર મહિલાને જ આ લાભ મળતો હતો, જેની સામે કોર્ટે લાલ આંખ કરી છે. સર્વોચ્ચ અદાલતે આ મર્યાદાને અન્યાયી અને



બંધારણની કલમ ૧૪ અને ૨૧ હેઠળ સમાનતાના અધિકારનું ઉલ્લંઘન ગણાવ્યું છે. કોર્ટે ટાંક્યું છે કે કુટુંબ રચનાના બિન-જૈવિક સ્વરૂપો પણ એટલા જ કાયદેસર છે અને બાળક જૈવિક હોય કે દત્તક, તેની સંભાળ માટે રજા એ માતાનો મૂળભૂત માનવ અધિકાર છે. આ ઉપરાંત, કોર્ટે કેન્દ્ર સરકારને પિતૃત્વ રજા (Paternity Leave) ને પણ સામાજિક સુરક્ષાના કાયદામાં સમાવિષ્ટ કરવા નિર્દેશ આપ્યો છે. એડવોકેટ હંસાનંદિની નંદુરીની અરજી પર અપાયેલો આ નિર્ણય મહિલા સશક્તિકરણ અને બાળ કલ્યાણની દિશામાં ક્રાંતિકારી પગલું માનવામાં આવે છે.

## લોકસભામાંથી આઠ વિપક્ષી સાંસદોનું સસ્પેન્શન રદ કરાયું : ગૃહમાં દિલગીરી વ્યક્ત કર્યા બાદ લેવાયો નિર્ણય

નવી દિલ્હી, તા.૧૭

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ બજેટ સત્ર દરમિયાન સસ્પેન્ડ કરવામાં આવેલા આઠ વિપક્ષી સાંસદોનું સસ્પેન્શન રદ કર્યું છે. આ સાંસદોમાં કોંગ્રેસના સાત અને સીપીઆઈ(એમ)ના એક સભ્યનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, ગત ૩ ફેબ્રુઆરીએ ગૃહમાં અશોભનીય વર્તન અને અધ્યક્ષ તરફ કાગળો ફેંકવા બદલ આ સભ્યોને સત્રના બાકીના સમય માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સોમવારે યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં કોંગ્રેસના મુખ્ય દંડકે સાંસદોના વર્તન બદલ દિલગીરી વ્યક્ત કરતા સસ્પેન્શન પાછું ખેંચવા વિનંતી કરી હતી. ત્યારબાદ સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજુજીએ રજૂ કરેલા પ્રસ્તાવને ગૃહે ધ્વનિમતથી મંજૂરી આપી હતી. સસ્પેન્શન રદ થતા મણિકમ ટાગોર અને અમરિંદર સિંહ રાજા વારિંગ સહિતના નેતાઓ હવે ગૃહની કાર્યવાહીમાં ફરી ભાગ લઈ શકશે. આ નિર્ણયથી સંસદના મકર ગેટ પર ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોનો પણ અંત આવ્યો છે.

# અમરેલી જિલ્લા પંચાયતમાં વહીવટદાર તરીકે કલેકટર વિકલ્પ ભારદ્વાજે ચાર્જ સંભાળ્યો

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લા પંચાયતની નિયત સમય મર્યાદા પૂર્ણ થતાં રાજ્ય સરકારના આદેશ અન્વયે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજની વહીવટદાર તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ હુકમના પગલે મંગળવારે ૧૭ માર્ચના રોજ કલેક્ટરે વિધિવત



રીતે જિલ્લા પંચાયતનો ચાર્જ સંભાળી લીધો હતો. રાજ્ય સરકાર દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૨૭૮ અને કલમ-૧૩ મુજબ ૧૬ થી ૧૯ માર્ચ ૨૦૨૬ દરમિયાન મુદત પૂર્ણ થતી પંચાયતોમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી વહીવટદારોની નિમણૂક કરવામાં આવી છે. આ કાર્યભાર ગ્રહણ સમયે જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડ્યા અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી અર્પણ ચાવડા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને વહીવટી કામગીરી અંગે જરૂરી ચર્ચા કરી હતી.

# અમરેલીમાં રાજ્યના સૌથી મોટા "વિરાટ શેડ"નું શનિવારે ભૂપેન્દ્ર પટેલના હસ્તે થશે ઉદ્ઘાટન

અમરેલી, તા.૧૭

અમરેલીમાં સાવરકુંડલા રોડ પર આવેલ નવા અદ્યતન માર્કેટયાર્ડ ખાતે ખેડૂતોના વિશાળ હિતને ધ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા ૨ લાખ ચોરસ ફૂટ જગ્યામાં ગુજરાતના સૌથી મોટા "વિરાટ શેડ"નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ નવનિર્મિત શેડનું લોકાર્પણ આગામી તા.૨૧/૦૩/૨૦૨૬ને શનિવારના રોજ સવારે ૧૦ કલાકે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે કરવામાં આવશે. આ ઉદ્ઘાટન કાર્યક્રમમાં મુખ્યમંત્રીની સાથે ગુજરાત પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા, કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી તેમજ ઉર્જા, પેટ્રોકેમિકલ્સ અને કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરીયા પણ ખાસ ઉપસ્થિત રહેવાના છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ આ કાર્યક્રમ તા. ૨૨/૦૩/૨૦૨૬ને રવિવારના રોજ યોજવાનું આયોજન હતું, પરંતુ મુખ્યમંત્રીની સૂચના અનુસાર હવે આ કાર્યક્રમ તા. ૨૧/૦૩/૨૦૨૬, શનિવારે સવારે ૧૦ કલાકે યોજવામાં આવશે. માર્કેટયાર્ડના ચેરમેન ભાવિનભાઈ જે. સોજીત્રા, વાઈસ ચેરમેન ચંદુભાઈ બી. પોલરા અને સેક્રેટરી તુષારભાઈ એચ. હપાણીએ અમરેલી જિલ્લાના તમામ ખેડૂત ભાઈઓ, વેપારી મિત્રો અને શહેરી જનોને સવારે ૯-૩૦ કલાકે નવા માર્કેટયાર્ડ ખાતે ઉદ્ઘાટન પ્રસંગે હાજર રહેવા નમ્ર અપીલ કરી છે. આ વિરાટ શેડના લોકાર્પણથી જિલ્લાના ખેતીવાડી અને વેપાર ક્ષેત્રે નવી સુવિધાઓનો ઉમેરો થશે.

# ગોંડલના ગ્રામ્ય પંથકમાંથી ગાંજાના જથ્થા સાથે આરોપીની ધરપકડ

ગોંડલ,તા.૧૬

રાજકોટ ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે ગોંડલ તાલુકા પોલીસની હદમાં ચાલતા નશીલા પદાર્થોના વેચાણ પર લાલ આંખ કરી છે. પી.આઈ. પારગીના માર્ગદર્શન હેઠળ જ્યારે ટીમ પેટ્રોલિંગમાં હતી, ત્યારે હેડ કોન્સ્ટેબલ મયુરભાઈ વિરડાને મળેલી સચોટ બાતમીને આધારે સડક પીપળીયા ગામ પાસેના નેશનલ હાઈવેના પુલ નીચે દરોડો


તસવીર : ભોજાણી દેવાંગ

પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન બિહારના રાજકિશોર સુશીલદાસ કુમાર નામનો શખ્સ ગેરકાયદેસર ગાંજાના જથ્થા સાથે રંગેહાથ ઝડપાઈ ગયો હતો. પોલીસે કુલ ૨૮,૨૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં અન્ય એક આરોપી કુંદનકુમારને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. મહત્વની વાત એ છે કે SOG દ્વારા કરવામાં આવેલી આ સફળ કામગીરીને પગલે સ્થાનિક ગોંડલ તાલુકા પોલીસની સતર્કતા અને કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે.


**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૧૬/૨૦૨૬

પ્રતિ,
ભેસલિયા હલીમાબેન ઈસ્માઈ,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ . . . અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ આલી સિલેમાન ભેસલિયા તથા ફાતમાબેન આલી ભેસલિયાના પુત્રી રજીયાબેન આલી ભેસલિયાનો જન્મ તારીખ.૧૦/૦૪/૧૯૯૦ ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા , તાલુકો-કોડીનાર સને-૧૯૯૦ જન્મ રજીસ્ટર લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૦૩/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહિ
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**જાહેર નોટીસ**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-**

અરજી નં.૧૧૦/૨૦૨૬
જન્મ તારીખઃ ૨૭/૦૫/૨૦૧૨

શ્રી રણજીતભાઈ નરસીંગભાઈ બારડ,
રહે.બરડી વિસ્તાર, સુત્રાપાડા, ગામ-સુત્રાપાડા, તાલુકો-સુત્રાપાડા
જિલ્લો-ગીર સોમનાથ

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત દેવળી (દેદાની), તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

બાબતઃ જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રણજીતભાઈ નરસીંગભાઈ બારડ, રહે.બરડી વિસ્તાર, સુત્રાપાડા, તાલુકો-સુત્રાપાડા, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી રણજીતભાઈ નરસીંગભાઈ બારડ તથા મનીષાબેન રણજીતભાઈ બારડના પુત્રી બારડ પલક રણજીતભાઈનો જન્મ તારીખ ૨૭/૦૫/૨૦૧૨ના રોજ કોડીનાર તાલુકાના દેવળી(દેદાની) મુકામે થયેલ છે, જે અન્વયે આ કામજના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૩/૨૦૨૬ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

સહિ
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૧૪/૨૦૨૬

પ્રતિ,
હાસમભાઈ ફકીરાભાઈ ખરાઈ,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ . . . અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ હાસમભાઈ ફકીરાબેન ખરાઈ તથા જીલુબેન હાસમભાઈ ખરાઈના પુત્રી સમીના હાસમભાઈ ખરાઈનો જન્મ તારીખ.૦૩/૦૭/૧૯૮૧ ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા , તાલુકો-કોડીનાર સને-૧૯૮૧ ના જન્મ રજીસ્ટર લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૦૩/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહિ
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૧૩/૨૦૨૬

પ્રતિ,
શ્રી હાસમભાઈ ફકીરાભાઈ ખરાઈ,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ . . . અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ હાસમભાઈ ફકીરાબેન ખરાઈ તથા જીલુબેન હાસમભાઈ ખરાઈના પુત્રી મીમી હાસમભાઈ ખરાઈનો જન્મ તારીખ.૦૭/૦૮/૧૯૮૩ ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા , તાલુકો-કોડીનાર સને-૧૯૮૩ ના જન્મ રજીસ્ટર લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૦૩/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહિ
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૧૫/૨૦૨૬

પ્રતિ,
શ્રી મનસુખભાઈ માધાભાઈ રાઠોડ,
રહે.ડોળાસા, ગામ-ડોળાસા, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ . . . અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત ડોળાસા, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના ડોળાસા ગામના રહીશ માધાભાઈ રાજાભાઈ રાઠોડ તથા રાઈબેન માધાભાઈ રાઠોડના પુત્ર મનસુખભાઈ માધાભાઈ રાઠોડનો જન્મ તારીખ.૦૧/૦૬/૧૯૬૯ ના રોજ કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત ડોળાસા , તાલુકો-કોડીનાર સને-૧૯૬૯ ના જન્મ રજીસ્ટર લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૦૩/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહિ
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**CHANGE OF NAME**

I Undersign I MEHTA RAJESHBHAI GANGADAS have changed my name from MEHTA RAJESHKUMAR GANGADASBHAI To MEHTA RAJESHBHAI GANGADAS Now i will be know as MEHTA RAJESHBHAI GANGADAS
Sign : MEHTA RAJESHBHAI GANGADAS
Address : CHORAPA SAGAR NO DHORO, PANI DARWAJA ROAD, AT-AMRELI, GUJARAT-365601

**CHANGE OF NAME**

I Undersign RATHOD VIJAYBHAI BALVANTBHAI have changed my name from RATHOD VIJAY BALVANTRAI To RATHOD VIJAYBHAI BALVANTBHAI Now i will be know as RATHOD VIJAYBHAI BALVANTBHAI
Sign : RATHOD VIJAYBHAI BALVANTBHAI
Address : MADHUKUNJ, SUKHANATHPARA, STREET NO-4, LILIYA ROAD, AT- AMRELI-3656101

# ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવા નિષ્ણાંત સમિતિએ સીએમ પટેલને સોંપ્યો આખરી અહેવાલ

અમદાવાદ, તા.૧૭

ઉત્તરાખંડ બાદ હવે ગુજરાતમાં પણ સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરવાની દિશામાં મહત્વપૂર્ણ પ્રગતિ થઈ છે. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રંજના દેસાઈની અધ્યક્ષતામાં રચાયેલી પાંચ સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિએ પોતાનો અંતિમ ડ્રાફ્ટ રિપોર્ટ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સુપરત કર્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૫માં રચાયેલી આ સમિતિએ રાજ્યભરમાં વિવિધ સામાજિક, ધાર્મિક અને રાજકીય આગેવાનો સાથે વ્યાપક પરામર્શ કર્યા બાદ આ દસ્તાવેજ તૈયાર કર્યો છે. મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા દ્વારા આ બાબતની પુષ્ટિ કરતા જણાવ્યું કે આ કાયદો ગુજરાતની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાને ધ્યાનમાં રાખીને ખાસ કરીને મહિલાઓના સમાન અધિકારો અને સુરક્ષાને પ્રાથમિકતા આપશે. આ અહેવાલ



આગામી ૨૩ માર્ચે વિધાનસભામાં રજૂ થવાની અને બજેટ સત્રના અંતિમ દિવસે એટલે કે ૨૪ માર્ચે તેના પર બિલ લાવવાની પ્રબળ શક્યતા છે. આ કાયદા હેઠળ તમામ ધર્મો માટે લગ્ન, છૂટાછેડા, વારસો અને દત્તક લેવા અંગે સમાન માળખું અમલી બનશે. જેમાં બહુપત્નીત્વ અને હલાલા જેવી પ્રથાઓ પર પ્રતિબંધ, લિવ-ઈન સંબંધોની ફરજિયાત નોંધણી અને મિલકતમાં સ્ત્રી-પુરુષને સમાન હક્ક આપવાની જોગવાઈઓ મુખ્ય છે. જો આ બિલ પસાર થશે તો ગુજરાત દેશમાં યુસીસી અમલી બનાવનાર બીજું રાજ્ય બનશે.

# રાજયની સરકારી શાળાઓમાં વર્ગખંડોની ભારે અછત, વિધાનસભામાં થયો ખુલાસો

**ધારાસભ્ય વિમલ ચુડાસમાએ પુછેલા સવાલમાં શિક્ષણ વિભાગે જવાબ આપ્યો**

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગરથી પ્રાપ્ત વિગતો અનુસાર ગુજરાતમાં સરકારી શાળાઓમાં ભૌતિક સુવિધાઓના અભાવનો ગંભીર મુદ્દો ફરી એકવાર વિધાનસભામાં ગાજ્યો છે. ધારાસભ્ય વિમલ ચુડાસમા દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના લેખિત જવાબમાં શિક્ષણ વિભાગે સ્વીકાર્યું છે કે રાજ્યના અનેક જિલ્લાઓમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ઓરડાની મોટી ઘટ છે. સૌથી વધુ ચિંતાજનક સ્થિતિ બનાસકાંઠા જિલ્લામાં જોવા મળી છે જ્યાં પ્રાથમિક શાળાઓમાં ૧૧૪૦ અને માધ્યમિક શાળાઓમાં ૬૨ ઓરડા ખૂટે છે.

આ ઉપરાંત છોટા ઉદેપુર, પંચમહાલ, ખેડા અને દાહોદ જેવા જિલ્લાઓમાં પણ સેંકડો વર્ગખંડોની અછત નોંધાઈ છે. ગીર સોમનાથ અને જૂનાગઢ જેવા વિસ્તારોમાં પણ તાલુકા સ્તરે ઓરડાની અછત હોવાનું સરકારે કબૂલ્યું છે. આ પરિસ્થિતિને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ અને શિક્ષણની ગુણવત્તા પર વિપરીત અસર પડવાની ભીતિ સેવાઈ રહી છે. જોકે શિક્ષણ વિભાગે આ મામલે આશ્વાસન આપતા જણાવ્યું છે કે શાળાઓમાં જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવા માટે સરકાર દ્વારા તબક્કાવાર આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે.

# સાણંદના વિરોચન નગર પાસે ગમખ્વાર ટ્રિપલ અકસ્માત, થાર પર ડમ્પર પલટી જતાં બેના મોત

સાણંદ, તા.૧૭



સાણંદના વિરોચન નગર ગામ નજીક ગત મોડી રાત્રે ડમ્પર અને ટેન્કરના ચાલકોની બેદરકારીને કારણે આ અકસ્માત સર્જાયો હતો. ટક્કર બાદ કપચી ભરેલું ડમ્પર સંતુલન ગુમાવીને બાજુમાંથી પસાર થતી થાર ગાડી પર પલટી મારી ગયું હતું. ગાડી પર કપચીનો ઢગલો થઈ જતાં તેમાં સવાર મુસાફરો દબાઈ ગયા હતા અને બે વ્યક્તિઓએ ઘટનાસ્થળે જ દમ તોડ્યો હતો. મૃતકોમાં સાણંદના અમથાપુરા ગામના એક રહીશનો સમાવેશ થાય છે. અકસ્માત બાદ વાહનોમાં લાગેલી ભીષણ આગને કારણે હાઈવે પર અફરાતફરી મચી ગઈ હતી અને કિલોમીટરો સુધી લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો.

# વિસાવદર ગામની પરિણીતા પર ધારીના મોણવેલ ગામના શખ્સ સહિત ૬ લોકોનું સામૂહિક દુષ્કર્મ

જૂનાગઢ, તા.૧૭

વિસાવદર પંથકમાં માનવતાને લજવતી એક અત્યંત શરમજનક ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં ફેસબુક પર થયેલી મિત્રતાના બહાને એક પરિણીત મહિલાનું અપહરણ કરી છ શખ્સોએ સામૂહિક દુષ્કર્મ આચર્યું છે. ભોગ બનનાર મહિલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, અમરેલીના ધારી તાલુકાના મોણવેલ



ગામના વિપુલ ગોહિલ નામના શખ્સે તેને મળવા બોલાવી હતી. વિસાવદર બસ સ્ટેશનથી બાઈક પર બેસાડી તે મહિલાને પરાણે મોણવેલની સીમમાં લઈ ગયો હતો, જ્યાં અન્ય સાથીદારો સાથે મળીને આ નરાધમોએ આખી રાત મહિલાનું શારીરિક શોષણ કર્યું હતું. આ મામલે સોરઠ પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જોકે, પોલીસે સતર્કતા દાખવીને ગણતરીના કલાકોમાં જ મુખ્ય આરોપી સહિત તમામ છ શખ્સોને દબોચી લીધા છે. હાલ તમામ આરોપીઓ પોલીસની કસ્ટડીમાં છે અને કાયદેસરની તપાસ તેજ કરવામાં આવી છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઓડિટોરિયમ અને શૌચાલયમાં દારૂની ખાલી બોટલો મળતા ચકચાર

રાજકોટ,તા.૧૭

રાજકોટની પ્રતિષ્ઠિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી એકવાર વિવાદોના વમળમાં ફસાઈ છે. શિક્ષણના ધામ ગણાતા આ કેમ્પસમાં ઓડિટોરિયમ અને શૌચાલયમાંથી ૧૫ જેટલી દારૂની ખાલી બોટલો મળી આવતા સનસનાટી મચી ગઈ છે. આશ્ચર્યની વાત એ છે કે આ સ્થળ પોલીસ સ્ટેશનથી માત્ર ૫૦૦ મીટરના અંતરે આવેલું છે. સાંજના સમયે સામાન્ય લોકોના પ્રવેશ પર પ્રતિબંધ




હોવા છતાં અને સિક્યોરિટી પાછળ લાખોનો ખર્ચ થતો હોવા છતાં આવી નશાખોરીની પ્રવૃત્તિઓ કેવી રીતે ચાલે છે તે ગંભીર તપાસનો વિષય છે. આ ઘટના યુનિવર્સિટીના કથળેલા વહીવટ અને સુરક્ષા વ્યવસ્થાની નિષ્ફળતાની ચાડી ખાય છે.

# બારડોલી પંથકમાં નદીમાં ન્હાવા પડેલા ૧૦ ડૂબ્યા, બેના મોત

**ફાયરબ્રિગેડના જવાનોએ મૃતદેહ બહાર કાઢતા સમગ્ર ગામ હિબકે ચડ્યુ**

બારડોલી, તા.૧૭




બારડોલી અને તેન ગામના ૧૦ મિત્રો ઉતારા ગામ પાસે આવેલી મીંઢોળા નદીમાં ન્હાવા માટે ગયા હતા, જ્યાં ૧૫ વર્ષનો સગીર અને ૧૯ વર્ષનો યુવાન નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતાં તેમનું ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યું છે. બનાવની જાણ થતાં જ બારડોલી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને કલાકોની ભારે જહેમત બાદ બંનેના મૃતદેહ બહાર કાઢ્યા હતા. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે ધુળેટીના દિવસે પણ આ જ નદીમાં ચાર યુવાનોએ જીવ ગુમાવ્યા હતા, ત્યારે ફરી બનેલી આ ઘટનાથી સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી ગઈ છે.

# અમરેલી પીજીવીસીએલ દ્વારા વીજ ચેકિંગ ઝુંબેશ, બાકીદારોમાં ફફડાટ

અમરેલી,તા.૧૭

પીજીવીસીએલ વર્તુળ કચેરી અમરેલી દ્વારા આજે તારીખ ૧૭ માર્ચ ૨૦૨૬ના રોજ બાકી વીજ બિલની વસૂલાત માટે એક મેગા ડિસકનેક્શન ડ્રાઈવનું સઘન આયોજન કરવામાં આવ્યું હતું. આ કામગીરી માટે તંત્ર દ્વારા કુલ ૨૬૭ ટીમોની રચના કરવામાં આવી હતી, જેણે વહેલી સવારથી જ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વીજ જોડાણો કાપવાની કાર્યવાહી આરંભી દીધી હતી. વિભાગ દ્વારા કુલ ૭,૬૧૧ વીજ જોડાણો પાસેથી અંદાજે ૩૧૩ લાખ રૂપિયા જેટલી માતબર રકમની વસૂલાત કરવાનું લક્ષ્ય



રાખવામાં આવ્યું હતું. સાંજ સુધીમાં કરવામાં આવેલી આ આક્રમક કાર્યવાહીના અંતે કુલ ૧,૪૨૮ વીજ જોડાણો સ્થળ પર જ કાપી નાખવામાં આવ્યા હતા. આ ડ્રાઈવના સફળ પરિણામ સ્વરૂપે ગ્રાહકો દ્વારા સ્થળ પર જ કુલ ૭૨ લાખ રૂપિયાની બાકી રકમની ભરપાઈ કરવામાં આવી હતી, જેનાથી તંત્રને મોટી સફળતા મળી છે.

**૭,૬૧૧ વીજ જોડાણો પાસેથી અંદાજે ૭૨ લાખ રૂપિયા જેટલી માતબર રકમની વસૂલાત**

# અમેરિકામાં ગુજરાતી પરિવારની બદતર હાલત : એજન્ટોએ ૩.૨ કરોડ પડાવ્યા અને યુવકને ગુલામ બનાવી ડિપોર્ટ કર્યો

અમદાવાદ, તા.૧૭

અમેરિકા મોકલવાના બહાને ચાલતા મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે, જેમાં ડંકી રૂટથી ગયેલા એક ગુજરાતી યુવકને ડિપોર્ટ કરાતા તેણે એજન્ટોની પોલ ખોલી છે. ફરિયાદી યુવકના જણાવ્યા મુજબ, એજન્ટોએ તેને અને તેના માતા-પિતાને અમેરિકામાં કાયદેસર નોકરીની લાલચ આપી ૩.૨૦ કરોડ રૂપિયામાં સોદો કર્યો હતો. જોકે, કેનેડાના નકલી વિઝા અને પાસપોર્ટ પર નકલી સ્ટેમ્પ લગાવી તેમને જોખમી રીતે અમેરિકા મોકલવામાં



આવ્યા હતા. ત્યાં પહોંચ્યા બાદ આ પરિવારનું આર્થિક શોષણ શરૂ થયું હતું. યુવકે આક્ષેપ કર્યો છે કે તેને અમેરિકામાં દિવસના ૧૪ થી ૧૬ કલાક કામ કરવાની ફરજ પાડવામાં આવતી હતી અને વેતનના નામે માત્ર ૩ ડોલર જ આપવામાં આવતા હતા. વિરોધ કરવા પર તેમને ગુલામી કરવાની અને ધમકીઓ આપવામાં આવતી હતી. અત્યાર સુધી એજન્ટો ૧.૯ કરોડ વસૂલી ચૂક્યા છે અને હજુ પણ વધુ નાણાંની માંગણી કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૫માં ડિપોર્ટ થયેલા આ યુવકે હવે ચાર એજન્ટો સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે, જે ફરી એકવાર ડંકી રૂટના જોખમો અને અમેરિકા જવાના ખોટા મોહને ઉજાગર કરે છે.











